eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 392
May 22, 2015

## ૧૫મી મે સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી અન્વયે 'સુરતોત્સવ' અંતર્ગત તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ સુધી યોજાનાર વિવિધ કાર્યક્રમો

૧૫મી મે, સુરત સુધરાઈ સ્થાપના દિનની ઉજવણી અન્વયે "સુરતોત્સવ" અંતર્ગત તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન સુરત મહાનગરપાલિકા તથા લોકભાગીદારીથી ત્રણ દિવસની ભવ્ય ઉવજણીની તડામાર તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિને વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોની પ્રસ્તુતી નગરજનો માટે થનાર

વધુ માટે કલીક કરો >>>>>>

## વિશ્વ કક્ષાની Smarter Cities Challenge" સ્પર્ધામાં સુરત ઝળક્યું

વધતા જતા શહેરીકરણની સાથે સાથે શહેરમાં જરૂરી માળખાગત અને અન્ય સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકે તથા શહેરીકરણનીસમસ્યાઓના નિરાકરણ માટે અને શહેરીજનોની સુખાકારી માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી

વધુ માટે કલીક કરો >>>>>>

## ૧૫મી મે સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી અન્વયે 'સુરતોત્સવ' અંતર્ગત વિવિધ કાર્યક્રમો

૧૫મી મે, સુરત સુધરાઈ સ્થાપના દિનની ઉજવણી અન્વયે "સુરતોત્સવ" અંતર્ગત તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન સુરત મહાનગરપાલિકા તથા લોકભાગીદારીથી સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિને

વધુ માટે કલીક કરો >>>>>>

## ૧૫મી મે સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી 'સુરતોત્સવ'

૧૫મી મે, સુરત સુધરાઈ સ્થાપના દિનની ઉજવણી અન્વયે "સુરતોત્સવ" અંતર્ગત તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન સુરત મહાનગરપાલિકા તથા લોકભાગીદારીથી

વધુ માટે કલીક કરો >>>>>>

## ૧૫મી મે સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી અન્વયે 'સુરતોત્સવ' અંતર્ગત તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ સુધી યોજાનાર વિવિધ કાર્યક્રમો

૧૫મી મે, સુરત સુધરાઈ સ્થાપના દિનની ઉજવણી અન્વયે "સુરતોત્સવ" અંતર્ગત તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન સુરત મહાનગરપાલિકા તથા લોકભાગીદારીથી ત્રણ દિવસની ભવ્ય ઉવજણીની તડામાર

વધુ માટે કલીક કરો >>>>>>

## ૧૫મી મે સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી 'સુરતોત્સવ'

૧૫મી મે, સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિનની ઉજવણી "સુરતોત્સવ" અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા લોકભાગીદારીથી તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન ભવ્યાતિભવ્ય વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ત્યારે તા.૧૬/૦૫/૨૦૧૫ના રોજ સુધરાઈ સ્થાપનાના બીજા દિવસે સવારે ૬.૩૦ કલાકે ઐતિહાસિક વિરાસતની જૂની

વધુ માટે કલીક કરો >>>>>>

## ભૂતપૂર્વ મેયરશ્રીઓ અને મ્યુનિસિપલ કમિશનરશ્રીઓનો અભિવાદન સમારોહ

૧૫મી મે, સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિનની ઉજવણી "સુરતોત્સવ" અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા લોકભાગીદારીથી તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન ભવ્યાતિભવ્ય વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે અને આ કાર્યક્રમોને શહેરના ઉત્સવપ્રેમી નગરજનો માણી રહ્યા છે. ત્યારે આ ભવ્ય ઉજવણી અંતર્ગત

વધુ માટે કલીક કરો >>>>>>

## ૧૫મી મે સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી 'સુરતોત્સવ'

૧૫મી મે, સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિનની ઉજવણી ''સુરતોત્સવ'' અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા લોકભાગીદારીથી તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન

વધુ માટે કલીક કરો >>>>>>

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તારમાં વોર્ડ નં.૧૧,

વધુ માટે કલીક કરો >>>>>>

## ''૫મી જુન વિશ્વ પર્યાવરણ દિન'' ઉજવણી અંતર્ગત નિબંધ, ચિત્રકામ અને રંગપૂરણી સ્પર્ધા

૫મી જુન ''વિશ્વ પર્યાવરણ દિન'' ની ઉજવણી નિમિત્તે ''એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ'' પ્રેરીત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત 'નિબંધ સ્પર્ધા, ચિત્રકામ સ્પર્ધા અને રંગપૂરણી સ્પર્ધા

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત મહાનગરપાલિકા દ્વારા તા.૦૧/૦૫/૨૦૧૫ થી ૧૫/૦૫/૨૦૧૫ દરમ્યાન વિવિધ સફાઈ–સ્વચ્છતા સંબંધિત કામગીરીઓ કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૧૨/૦૫/૨૦૧૫નાં રોજ શહેરના તમામ ઝોન વિસ્તારોના નાગરિકો પોતાના ઘરોમાં ભુગર્ભ ટાંકીઓ, સેપ્ટીક ટેંકની નિયમિત સફાઈ કરાવે તે માટે વોર્ડ વાઈઝ સામુહિક ઝુંબેશ કરી, ભુગર્ભ ટાંકીઓ તેમજ ઓવરહેડ ટાંકીઓની સફાઈની કામગીરી કરાવવામાં આવેલ છે.

આ અભિયાન દરમ્યાન શહેર તમામ ઝોન વિસ્તારમાં કુલ – ૧૦૩૬૪ સ્થળોએ ભુગર્ભ ટાંકીઓ તેમજ ઓવરહેડ ટાંકીઓની સફાઈની કામગીરી કરાવવામાં આવેલ છે, આ અભિયાન દરમ્યાન કુલ ૧૨ મશીનરીનો ઉપયોગ કરી, ૨૩.૪૫૦ મે.ટન મ્યુ.સોલીડ વેસ્ટનો નિકાલ કરાવવામાં આવ્યો. આ અભિયાનમાં કુલ–૩૬૮ કર્મચારીઓ તથા ૦૭ સ્વૈચ્છિક સંસ્થાઓ / જાહેર જનતાએ ભાગ લીધેલ છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં ડે. કમિશનરશ્રી (હે. એન્ડ હો.) સુચના મુજબ સાઉથ ઈસ્ટ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ તા.૧૩/૦૫/૨૦૧૫ નાં રોજ મહાનગરપાલકાના લિંબાયત ઝોનનાં આરોગ્ય વિભાગ તથા ફુડ વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો દ્વારા હાલની ઉનાળાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સુરત બારડોલી રોડ ઉપર મહાત્મા ગાંધી ફ્રુટ માર્કેટ તથા એ.પી.એમ.સી. માર્કેટમાં વેપારીઓને ત્યાં આરોગ્યલક્ષી નિરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ફુડ સેફટી ઓફિસરો તથા મુખ્ય આરોગ્ય નિરીક્ષકો, આરોગ્ય નિરીક્ષકોની બનેલી ટીમોએ આ માર્કેટનાં સ્ટોલોમાં સઘન ચેંકીગ હાથ ધરી કેરી પકવવા માટે ઉપયોગમાં લેવામાં આવતો પ્રતિબંધીત કાર્બાઈડ પાઉડરનો ૦૩ કિલોગ્રામ જેટલો જથ્થો જપ્ત કરીને બિનઆરોગ્યપ્રદ ૨૨૫ કિલોગ્રામ જેટલી કેરીનો નાશ કરવામાં આવેલ હતો. તેમજ કુલ ૧૦૭ ઈસમો પાસેથી રૂા.૬૫,૨૫૦/– વહીવટી ખર્ચ પેટે વસુલ કરવામાં આવ્યા હતા.

મહાત્મા ગાંધી ફ્રુટ માર્કેટ તેમજ એ.પી.એમ.સી. માર્કેટનાં સંચાલકોને માર્કેટનાં આંતરિક માર્ગોની નિયમિત દૈનિક સફાઈ કરાવવા તેમજ કચરાના ઢગલાઓનો નિકાલ કરાવવા માટે સુચનાઓ આપવામાં આવેલ. માર્કેટનાં વેપારીઓ તેમના વ્યાપારીક કચરાનો ઢાંકણવાળી કચરાપેટીમાં એકત્રિત કરી કચરાપેટીમાં નિકાલ કરી તેમના સ્ટોલ અને તેની આજુબાજુ સ્વચ્છતા જાળવે તે બાબતે તકેદારી રાખવા જણાવેલ અને આરોગ્યને હાનિકારક પદાર્થોનો વપરાશ ન કરે તે બાબતે ચેતવણી આપવામાં આવેલ છે.

TOP

પ્રેસનોટ
નોર્થ ઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૨/૦૫/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૮૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૩૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૩૯ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૮૯૦૧ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૨૨ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૨૯ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૩૧ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૩,૯૯,૭૯૫/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૬૦ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૬ એન્ટ્રીમાં રૂા.૩૧,૬૯૫/– અને આર.સી.ની ૪૪ એન્ટ્રીમાં રૂા.૪,૯૧,૩૭૨/– મળી કુલ રૂા.૫,૨૩,૦૬૭/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૪ એન્ટ્રીમાં રૂા.૨૪૦/–, રીન્યુઅલની ૦૮ એન્ટ્રીમાં રૂા.૪૪૦/– અને દંડની રકમની ૦૭ એન્ટ્રીમાં રૂા.૧,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૭ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૪ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૨૪ ફાઈલોના રૂા.૫,૮૫,૦૭૦/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભઘક આવાસ વસુલાત રૂા.૨,૩૭,૮૦૬/–, મંડપ ચાર્જના રૂા.૧,૦૯૭/–, દબાણ ચાર્જના રૂા.૨,૬૬૦/– મળી કુલ રૂા.૨,૪૧,૫૬૩/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૨ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

તા.૧૩.૦૫.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૪૭ ફાઈલના રૂા.૮.૩૬ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૮ લોકેશન(ખાડા)૪૭૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૩૧.૮૪૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. કુલ–૦૪ લોકેશન(ખાડા) ૧૩૫.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૧૦ લોકેશન ૩૭૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે.,તથા આઈ.સી.નાણાં પેટે રૂા.૧૩૨૧૮/– વસુલ લેવામાં આવેલ આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૧૧૮ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૧૮૮ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૫.૩૨ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૫.૯૫ લાખ થયેલ છે.,૧૨ ભ્મહ તથા ૧૨ ચ્હ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૯૮૫/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૧૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૧૧ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૬ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૩૯૬ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૫ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૬૩.૯૦૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૨૭ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૪૭૦૦/–છેતથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૦૦૦૪ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૨૧૭૭૯ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૩૯ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ૮૬૭ કરવામાં આવેલ છે. જયારે ૩૩ નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૨૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

**TOP**

## સુરત મહાનગરપાલિકા
## ૧૫મી મે સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી અન્વયે 'સુરતોત્સવ' અંતર્ગત
## તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ સુધી યોજાનાર વિવિધ કાર્યક્રમો

૧૫મી મે, સુરત સુધરાઈ સ્થાપના દિનની ઉજવણી અન્વયે "સુરતોત્સવ" અંતર્ગત તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન સુરત મહાનગરપાલિકા તથા લોકભાગીદારીથી ત્રણ દિવસની ભવ્ય ઉવજણીની તડામાર તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિને વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોની પ્રસ્તુતી નગરજનો માટે થનાર છે. જે અંતર્ગત યુવાનો, સીનીયર સીટીઝન્સ, બાળકો તેમજ મહિલાઓ તમામને સાંકળી લે તેવા ઉચ્ચકક્ષાના સાંસ્કૃતિક, મનોરંજક કાર્યક્રમોના આયોજનો થયા છે. આ કાર્યક્રમોમાં ગુજરાતી ભાષાના કલાકારોને વિશેષ નિમંત્રિત કરવામાં આવ્યા છે.

સુરત સુધરાઈ સ્થાપના દિનની પૂર્વ સંધ્યાએ તા.૧૪/૦૫/૨૦૧૫ના રોજ સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે સાંજે ૪ કલાકે શહેરના નામી કલાકારોનું ભાવીન ગૃપના કલાકારો, સંજીવ કુમાર ઓડીટોરીયમ ખાતે સાંજે ૫ કલાકે સચિન લીમીયે ગૃપ–વડોદરાના કલાકારો અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કન્વેનશન હોલ ખાતે સાંજે ૬ કલાકે મેઘદૂત મેલડી ગૃપ–અમદાવાદના કલાકારો ખાસ સીનીયર સીટીઝન માટે ગુજરાતી સુગમ સંગીતના સૂરો રેલાવશે. જયારે ગાંધી સ્મૃતિ ભવન ખાતે સાંજે ૪ કલાકે સીનીયર સીટીઝન્સ માટે શહેરના નામાંકિત કરંજિયા ગૃપ દ્વારા પારસી કોમેડી નાટક "કુતરાની પૂંછડી વાંકી"નો નાટ્ય પ્રયોગ ભજવવામાં આવશે. જયારે રાત્રે ૮.૩૦ કલાકે યુવક–યુવતીઓ અને યંગસ્ટર્સ માટે રીવરફ્રન્ટ અડાજણ ખાતે અંતરિક્ષ ગૃપ દ્વારા રોકબેન્ડનું મ્યુઝીક પ્રસ્તુત થશે. સાથે જ શહેરની ચારે દિશાઓમાં નાવડી ઓવારા, નાનપુરાથી, કતારગામ કાંસાનગરથી, મોટા વરાછા રીવર ફ્રન્ટ તથા નિલગીરી ગ્રાઉન્ડ લિંબાયત ખાતેથી રાત્રે ૮.૪૫ કલાકે એક સાથે આતશબાજી કરાશે.

તા.૧૫ મી સુરત સુધરાઈ સ્થાપના દિનની વહેલી સવારે ૬.૩૦ કલાકે વિયરકમ કોઝ–વે આગળ તાપી પૂજન, મંત્રોચ્ચાર, શંખનાદ તેમજ હોડીમાં આરતી ભજનકીર્તનના નાદ સાથે કાર્યક્રમની શરૂઆત થશે. ત્યાર બાદ સવારે ૮.૧૫ કલાકે ગાંધી બાગ, ચોક ખાતે આવેલ સુરતના મહાન સપૂત, પ્રખર સમાજસુધારક અને ગરવી ગુજરાતના પ્રણેતા વીર કવિશ્રી નર્મદની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કરવામાં આવશે. બપોરે ૧૦ કલાકે સંજીવકુમાર ઓડિટોરીયમ, પાલ ખાતે સુરત સુધરાઈ અને મહાનગરપાલિકાના આજપર્યંત ચૂંટાયેલા સભ્યશ્રીઓને શ્રી નાનુભાઈ વાનાણી, મા.મંત્રીશ્રી, પાણી પુરવઠો, જળસંપત્તિ (કલ્પસર સિવાય), ગુજરાત રાજયની પ્રેરક ઉપસ્થિતિ સ્નેહમિલન સમારોહ યોજાશે.

તા.૧૬/૦૫/૨૦૧૫ના રોજ સવારે ૬.૩૦ કલાકે યુનિક હોસ્પીટલથી ખરવર નગર જંકશન સુધી ખચતક રૂટ ઉપર બાળકોની સ્કેટીંગ રેલી યોજાશે. જયારે એજ સમયે શહેરની ઐતિહાસિક વિરાસતને વાગોળવા ડચ સીમેન્ટ્રી, કતારગામ મેઈન રોડથી ચોક ચાર રસ્તા કિલ્લા સુધી 'હેરીટેજ વોક' થશે. હેરીટેજ વોક બાદ ગાંધી બાગ, ચોક ખાતે પૂ.મહાત્મા ગાંધીજીની પ્રતિમાને સુતરાંજલી અર્પણ કરવામાં આવશે. તા.૧૬/૦૫/૨૦૧૫ના રોજ બપોરે ૧૨ થી ૩ કલાક દરમ્યાન "મારૂં સુરત' થીમ ઉપર કતારગામ પાટીદાર સમાજની વાડીમાં ચિત્રકામ હરિફાઈ યોજાશે.

તા.૧૭/૦૫/૨૦૧૫ના રોજ સવારે ૬.૩૦ કલાકે હીરાબાગ સર્કલ થી સરદાર ચોક, વરાછા સુધી 'રન ફોર સુરત'નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં 'સ્વચ્છ ભારત' અભિયાન અંતર્ગત શપથ લેવડાવી સ્વચ્છતાના સૂત્રો સાથે હસ્તાક્ષર અભિયાન હાથ ધરાશે. બાદમાં સવારે ૮.૧૫ કલાકે સરદાર ચોક, વરાછા ખાતે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કરવામાં આવશે.

આ ઉજવણીમાં સુરત સુધરાઈ સ્થાપના દિનની ઉજવણીએ સુરતના તેજ રફતાર વિકાસના શિલ્પી તથા સાક્ષી એવા સુરત શહેરના ભૂતપૂર્વ મેયરશ્રીઓ અને સુરત મહાનગરપાલિકામાં સેવા બજાવી ગયેલ કમિશનરશ્રીઓને સંજીવકુમાર ઓડિટોરીયમ ખાતે તા.૧૭/૦૫/૨૦૧૫ના રોજ સવારે ૧૦ કલાકે આદરણીય મહામહિમ રાજપાલશ્રી ઓમપ્રકાશ કોહલીની પ્રેરક ઉપસ્થિતિમાં અભિવાદિત કરવામાં આવશે.

TOP

મેગા ઈવેન્ટ હેઠળ વી.આઈ.પી. રોડ ખાતે મણીબા પાર્ટી પ્લોટની સામેના ડી.આર.બી. પ્લોટ મૂકામે ભવ્ય આયોજન કરાયા છે. જે અંતર્ગત તા.૧૫/૦૫/૨૦૧૫ના રોજ સાંજે ૭ કલાકે સુગમ સંગીતમાં નામી કલાકારો જેવા કે પાર્થીવ ગોહીલ, ભૂમી ત્રિવેદી, ગાર્ગી વોરા, સાધના સરગમ, અમન લેખડીયા તથા ભૂપેન્દ્રસિંગ વિગેરે પરફોર્મ કરશે. આ જ સ્થળે આજ સમયે ૧૬મી તારીખે ફયુઝન પર્ફોરમન્સમાં વિખ્યાત ડ્રમ પ્લેયર શિવમણી તથા તેની સંગતમાં ફયુઝન મ્યુઝીકના વિશ્વ વિખ્યાત કલાકારો ચિંતુસિંગ, અરૂણ કુમાર, નિનાદ પુલાવકર, સંતોષ ખુંબેકર, ઓજસ અઢિયા, મેન્ડોલીન યુ.રાજેશ, હરમીત માનસેતા વગેરે લોકોને ડોલાવશે. છેલ્લા દિવસે તા. ૧૭ મી ના રોજ સાંજે ૬ કલાકે લોકનૃત્ય/નૃત્ય નાટિકામાં ગુજરાતના શ્રેષ્ઠ નૃત્ય અભ્યાસુ જોરાવરસિંહ જાદવ તથા સો જેટલા કલાકારો અદ્દભૂત લોકનૃત્યોનું પ્રદર્શન કરશે.

આ પ્રસંગે તા.૧૫/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન સવારે ૮ થી રાત્રે ૯ કલાક સુધી સાયન્સ સેન્ટર, સીટીલાઈટ રોડ ખાતે સુરત શહેરની ઐતિહાસિક ધરોહરની ઝાંખી કરાવતા પ્રોજેકટો, ફોટોગ્રાફસ અને રંગોળી પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે.

વિશેષ આયોજન રૂપે તમામ કાર્યક્રમોમાં ઉપસ્થિત નગરજનો દ્વારા શપથ લેવડાવી 'સ્વચ્છ ભારત' અભિયાન અંતર્ગત સ્વચ્છતાના સૂત્રો લખાશે તેમજ હસ્તાક્ષરો કરાશે. સાથે સફાઈ અભિયાન હાથ ધરાશે. તા.૧૪ થી ૧૭ મે, ૨૦૧૫ દરમ્યાન સમગ્ર શહેરને રોશનીથી શણગારી ઝળહળતું કરાશે.

આ તમામ કાર્યક્રમો સુરત મહાનગરના નગરજનો માટે વિના મૂલ્યે માણવાનું આયોજન કરવામાં આવ્યું છે. તે માટે નગર સેવકો, અધિકારીઓ, એન.જી.ઓ., શહેરની પ્રતિષ્ઠિત વ્યકિતઓ, કલાકારો વિગેરે જોર શોરથી દિન રાત જહેમત ઉઠાવી રહ્યા છે. આ માટે રચાયેલ કમિટિએ નગરજનોને સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત કાર્યક્રમોમાં સહભાગી બની સફળ બનાવી સુરતનું નામ ઉજજવળ કરવાની અપીલ કરી છે.

TOP

**સુરત મહાનગરપાલિકા**

**જાહેર આરોગ્ય વિભાગ**

**પ્રેસનોટ**

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા તા.૦૪/૦૫/૨૦૧૫ થી તા.૧૦/૦૫/૨૦૧૫ દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬) કચરો અલગ કરી, કોથળા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોથળા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ સેન્ટ્રલઝોન – રૂા.૧૧,૮૮૦/–, વેસ્ટઝોન – રૂા.૬,૬૩૦/–, સાઉથઝોન – રૂા.૮,૧૫૦/–, સાઉથઈસ્ટઝોન – રૂા.૨૯,૦૩૦/–, સાઉથવેસ્ટઝોન – રૂા.૫,૬૮૦, નોર્થઝોન – રૂા.૨,૮૫૦/– અને ઈસ્ટઝોન – રૂા.૭,૦૦૦/– મળી તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ પાસેથી કુલ રૂા.૭૧,૨૨૦/– પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

TOP

## પ્રેસનોટ
## સાઉથઝોન(ઉધના)
## સુરત મહાનગરપાલિકા

તા.૧૪.૦૫.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૩૭ ફાઈલના રૂા.૫.૬૬ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૬ લોકેશન(ખાડા)૩૦૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૧૯.૫૯૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. કુલ–૦૫ લોકેશન(ખાડા) ૧૪૦.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૧૧ લોકેશન ૩૮૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે.,તથા પાણીના નવા કનેકશન કુલ :૩૫ આપવામાં આવેલ તથા આઈ.સી.નાણાં પેટે રૂા.૨૪૪/– વસુલ લેવામાં આવેલ આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૫૭ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૧૬૦ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૬.૫૧ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૧.૦૫ લાખ થયેલ છે.,૦૬ ભહ તથા ૦૫ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૧૧૪/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૧૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૩૬ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૮ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૩૯૬ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૭ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૮૪.૫૯૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૨૪ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૧૨,૪૦૦/–છેતથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૯૯૫૧ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૨૧૯૮૨ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૫૨ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ૯૦૨ કરવામાં આવેલ છે. જયારે ૩૦ નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૧૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

પ્રેસનોટ
નોર્થ ઝોન (કતારગામ)
સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૩/૦૫/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૮૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૩૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૫૨ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૧૧૭ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૭૦ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૪ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૯૩ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૩,૦૪,૭૧૫/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૫૭ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૧ એન્ટ્રીમાં રૂા.૨૨,૫૫૦/– અને આર.સી.ની ૪૬ એન્ટ્રીમાં રૂા.૬,૮૩,૦૭૦/– મળી કુલ રૂા.૭,૦૫,૬૨૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા રીન્યુઅલની ૦૯ એન્ટ્રીમાં રૂા.૫૪૦/– અને દંડની રકમની ૦૯ એન્ટ્રીમાં રૂા.૯૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૦ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૩૨ ફાઈલોના રૂા.૭,૨૯,૭૮૩/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૧,૮૪,૫૦૧/–, મંડપ ચાર્જના રૂા.૮૪૫/–, દબાણ ચાર્જના રૂા.૪,૫૪૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૩૦૦/– મળી કુલ રૂા.૧,૯૦,૧૮૬/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૬ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત સુધારાઈના સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે 15 મી મે **2015** થી **17** મી મે **2015** દરમિયાન દરરોજ સાંજે **7:00** કલાકે ડી. આર. બી. પ્લોટ, વી.આઈ.પી. રોડ અલથાણ ખાતે સુરોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

જેમાં **15** મી મે ના રોજ "સુગમ સંગીત" માટે પાર્થિવ ગોહિલ, ભુપેન્દ્ર-મિતાલી, સાધના સરગમ, ભૂમિ ત્રિવેદી, અમન લેખડિયા તથા ગાર્ગી વોરા જેવા ખ્યાતનામ કલાકારો આવનાર છે.

**16** મી મે **2015** ના રોજ "ફ્યુઝન મ્યુઝીક" માટે શિવામણી ટ્રાયો, શિવમણી, યુ. રાજેશ, હરમીત માનસેતા, ચિંતુ સિંઘ, અરુણ કુમાર, નિનાદ પુલાવકર, સંતોષ ખુબેકર, રાજેશ અઢિયા જેવા ખ્યાતનામ મ્યુઝીસીયનો આવનાર છે.

**17** મી મે ના રોજ લોકનૃત્ય નું આયોજન કરવામાં આવેલ છે.આ તમામ કાર્યક્રમો માટે ઉજવણી ના સ્થળ સુધી આવવા-જવા માટે સાંજે **5:00** કલાક થી રાત્રે **12:00** વાગ્યા સુધી ફ્રી બસ સેવા નું પણ આયોજન કરવામાં આવેલ છે. દરેક ઝોનમાં મુકવામાં આવેલ ફીડર બસો દ્વારા નજીકના BRTS બસ સ્ટેન્ડ અને ત્યાંથી ઉજવણીના સ્થળે જઈ શકાશે. રાંદેર ઝોનમાં જહાંગીરપુરા તથા પાલનપુર જકાતનાકા, સેન્ટ્રલ ઝોનમાં સુરત રેલ્વે સ્ટેશન, કતારગામ ઝોનમાં સિંગણપોર તથા કોસાડ EWS આવાસ, વરાછાઝોનમાં હીરાબાગ તથા લંબેહનુમાન રોડ, ઉધના ઝોનમાં ભેસ્તાન EWS આવાસ તથા દક્ષેશ્વર મંદિર, લીંબાયત ઝોનમાં ડીંડોલી તથા ગોદાધરા-દેવધ રોડ તેમજ અઠવા ઝોનમાં અનુવ્રતધ્વાર પાસેથી ફીડર બસો પ્રસ્થાન કરશે . આ બસ વ્યવસ્થા નો મહત્તમ લાભ સ્થાપના દિનની ઉજવણીમાં સહભાગી થવા તમામ શહેરી જનોને હાર્દિક અપીલ કરવામાં આવે છે.

TOP

## પ્રેસનોટ
## જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૫–૦૫–૨૦૧૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે ઉધના ઝોન વિસ્તારમાં રૂા.૧૦૬.૦૭ લાખના ખર્ચે બુડીયાગામ ખાતે પ્રાથમિક શાળા, રૂા.૨૧૫,૨૦ લાખના ખર્ચે વડોદ ગામ ખાતે પ્રાથમિક શાળા તથા ભેસ્તાન ખાતે રૂા.૨૧૨.૨૦ લાખના ખર્ચે સાકારિત થયેલ પ્રાથમિક શાળાનું લોકાર્પણ શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, માન.મંત્રીશ્રી શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ), ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ, અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતો, વૈધાનિક અને સંસદીય બાબતો ગુજરાત રાજયના વરદ્હસ્તે રાખવામાં આવનાર છે.

સાઉથઝોન (ઉધના) ના વડોદ ગામમાં પ્રાથમિક શાળા રૂા. ૨૧૫.૨૯ લાખના ખર્ચે સાકારિત ૧૬૫૮.૬૭ ચો.મી.નું ગ્રાઉન્ડ ફલોર + બે માળના બાંધકામમાં પ્રાથમિક શાળા તૈયાર કરવામાં આવેલ છે. આ પ્રાથમિક શાળાના લોકાર્પણ થી વડોદ ગામ તથા આજુ બાજુના વિસ્તારના બાળકોની અભ્યાસની સુવિધામાં વધારો થશે.

સાઉથઝોન (ઉધના) ના ભેસ્તાન ખાતે રૂા.૨૧૨.૨૦ લાખના ખર્ચે સાકારિત થયેલ પ્રાથમિક શાળા ૨૧૨૯.૨૩ ચો.મી.ના ગ્રાઉન્ડ ફલોર + બે માળના બાંધકામ થયેલ છે. આ પ્રાથમિક શાળાના લોકાર્પણ કરવાથી ભેસ્તાન વિસ્તારના આજુબાજુના વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા માટેની સુવિધામાં વધારો થશે.

સાઉથઝોન (ઉધના) ના બુડીયા ગામ ખાતે રૂા.૧૦૬.૧૦ લાખના ખર્ચે સાકારિત થયેલ પ્રાથમિક શાળા તથા વાંચનાલય ૧૦૯૬.૧૧ ચો.મી.ના ગ્રાઉન્ડ ફલોર + બે માળના બાંધકામ થયેલ છે. આ પ્રાથમિક શાળાના લોકાર્પણ કરવાથી બુડીયા ગામ વિસ્તારના આજુબાજુના વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા માટેની સુવિધામાં વધારો થશે

ઉપરોકત લોકાપર્ણના પ્રસંગે ઉપસ્થિત રહેવા જાહેર જનતાને સ્નેહભર્યું નિમંત્રણ છે.

TOP

## વિશ્વ કક્ષાની “Smarter Cities Challenge” સ્પર્ધામાં સુરત ઝળક્યું

વધતા જતા શહેરીકરણની સાથે સાથે શહેરમાં જરૂરી માળખાગત અને અન્ય સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકે તથા શહેરીકરણનીસમસ્યાઓના નિરાકરણ માટે અને શહેરીજનોની સુખાકારી માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ધ્વારા"સ્માર્ટ સીટી" બનાવવા અંગે પરીકલ્પના જાહેર કરવામાં આવેલ છે.

વિશ્વની ખ્યાતનામ મલ્ટીનેશનલ કંપની **IBM** દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ માટે **“Smarter Cities Challenge”** અંતર્ગતવિશ્વ કક્ષાની સ્પર્ધા રાખવામાં આવેલ અને તે અંતર્ગત નોમીનેશન મંગાવવામાં આવેલ કે જેમાં સુરતમહાનગરપાલિકા દ્વારા નોમીનેશન મોકલવામાં આવેલ.**“Smarter Cities Challenge”** અંતર્ગતવિશ્વના વિવિધ દેશોના૧૦૦ જેટલા શહેરો દ્વારા**IBM** નેનોમીનેશન મોકલવામાં આવેલ. મળેલનોમીનેશનની ટેકનિકલસ્ક્રુટીની અનેજરૂરી વિગતો ચકાસીને શહેર સુરતને**“Smarter Cities Challenge”** વિશ્વ કક્ષાની સ્પર્ધામાં વિશ્વના અન્ય ૧૫ શહેર સાથે વિનર તરીકે જાહેર કરવામાં આવેલ છે.ભારતમાંસુરત શહેર ઉપરાંત અલ્હાબાદ તથા વિશાખાપટ્નમની પસંદગી કરવામાં આવેલ છેજયારેવિશ્વના અન્ય શહેરોમાં એમસ્ટરડમ(નેધરલેંડસ), એથેન્સ(ગ્રીસ), ડેનવર(અમેરિકા), ડેટ્રોઈટ(અમેરિકા), હાઈઝાઉ (ચીન), મેલબોર્ન(ઓસ્ટ્રેલિયા), ટાઇચંગ(તાઈવાન) જેવાશહેરોનો સમાવેશ થાય છે.

સુરત મહાનગરપાલિકા સુરત શહેરનાનાગરિકોની સુખાકારી ધ્યાને રાખી ઉચ્ચ કક્ષાની સેવાઓ અને સુવિધાઓ પૂરી પાડવા કટીબદ્ધ છે. આ સંદર્ભે સુરત મહાનગરપાલિકા દ્વારા વખતો વખત વિવિધ ઈનીશીએટીવ હાથ ધરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાદ્વારા કરવામાં આવેલ કામગીરીની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સમયાંતરે નોંધ લેવામાં આવેલ છે. સુરતમહાનગરપાલિકાની વિશિષ્ટ કામગીરીમાં મોટું યોગદાન સુરતના શહેરીજનોનુંતથાચુંટાયેલઅને વહીવટી પાંખનુંરહેલ છે.શહેરીજનોનામળતા સતત સહકાર અને સહયોગહેઠળચુંટાયેલઅને વહીવટી પાંખ દ્વારા વિવિધ પ્રજાલક્ષીસુરતમહાનગરપાલિકા અગ્રેસર રહી છે. સુરતસુધરાઈનીસ્થાપનાના ૧૬૩ માં વર્ષનીઉજવણીની પૂર્વ સંધ્યાએ**IBM** દ્વારાસુરતની**“Smarter Cities Challenge”** વિનર તરીકે થયેલ પસંદગી સમયે શહેરસુરતના મેયરતથા મ્યુનિસીપલકમીશ્નર આ સિદ્ધિ સુરતશહેરનાનાગરિકોને અર્પણ કરવા સાથે ખુબખુબઆભારની લાગણી વ્યક્ત કરે છે અને આગામી સમયમાં સુરતમહાનગરપાલિકાવધુને વધુ લોકોપયોગી કામગીરી કરતીરહેશે તેવી કટીબદ્ધતા વ્યક્ત કરે છે.

**TOP**

## પ્રેસનોટ

## ૧૫મી મે સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી અન્વયે 'સુરતોત્સવ' અંતર્ગત વિવિધ કાર્યક્રમો

૧૫મી મે, સુરત સુધરાઈ સ્થાપના દિનની ઉજવણી અન્વયે "સુરતોત્સવ" અંતર્ગત તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન સુરત મહાનગરપાલિકા તથા લોકભાગીદારીથી સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિને વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ જે અન્વયે સુરત સુધરાઈ સ્થાપના દિનની પૂર્વ સંધ્યાએ




તા.૧૪/૦૫/૨૦૧૫ના રોજ ગાંધી સ્મૃતિભવન ખાતે સાંજે ૪ કલાકે શહેરના યઝદી કરંજીયા ગૃપના કલાકારો દ્વારા નાટક હાસ્ય પ્રહસન "કૂતરાની પૂંછડી વાંકી " નો કાર્યક્રમ ખાસ સીનીયર સીટીઝનો માટે વિનામૂલ્યે યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત મહાનુભાવો ધ્વારા કાર્યક્રમ નિહાળવા માટે આવેલ સીનીયર સીટીઝનોને ભાવપૂર્વક આવકાર આપવામાં આવેલ હતો.

મા. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના "સ્વચ્છતા અભિયાન" અંતર્ગત ઉપસ્થિત નગરજનોને સ્વચ્છતા અંગેના શપથ લીધા હતા તથા હસ્તાક્ષર અભિયાન અંતર્ગત કાપડ પર હસ્તાક્ષર કર્યા હતા. કાર્યક્રમનું દીપ પ્રાગટય સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી કિશોરીબેન કાપડીયા, ભૂતપૂર્વ મેયરશ્રી સ્નેહલતાબેન ચૌહાણ અને ડો. કનુભાઈ માવાણી, માજી ઉપકુલપતિ (દ.ગુ.યુનિ.) તથા અભિવાદન સમિતિનાં સભ્ય ડો. બી.એ.પરીખ તથા અન્ય મહાનુભાવો ધ્વારા કરવામાં અનવેલ હતુ. સીનીયર સીટીઝનો માટેના ખાસ કાર્યક્રમમાં મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, તથા સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી નિરવભાઈ શાહ, તથા મ્યુ.સભ્યશ્રીઓ , માજી મ્યુ. સભ્યશ્રીઓ , વિવિધ એસોસીએશનનાં હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહયા હતાં.

આ હાસ્ય પ્રહસનનાં મુખ્ય કલાકાર શ્રી યઝદીભાઈ કરંજીયા તથા તેમની ટીમ ધ્વારા ખૂબજ રમૂજી શૈલીમાં નાટક રજુ કરી હાજર તમામને રસ તરબોળ કરી દીધા હતા. આ કાર્યક્રમમાં ખૂબજ મોટી સંખ્યામાં સીનીયર સીટીઝનો હાજર રહયા હતા અને ખૂબજ રસપૂર્વક આ હાસ્ય પ્રહસન નિહાળી ભાવવિભોર થઈ ગયા હતા અને સુરત મહાનગરપાલિકાનાં ખાસ સીનીયર સીટીઝનો માટેના આ પ્રકારનાં મનોરંજક કાર્યક્રમોનાં આયોજનનાં સ્તુત્ય પ્રયાસને બીરદાવવમાં આવેલ હતો. સીનીયર સીટીઝનો માટે અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવી હતી.

TOP

## પ્રેસનોટ

## ૧૫મી મે સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી 'સુરતોત્સવ'

૧૫મી મે, સુરત સુધરાઈ સ્થાપના દિનની ઉજવણી અન્વયે ''સુરતોત્સવ'' અંતર્ગત તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન સુરત મહાનગરપાલિકા તથા લોકભાગીદારીથી સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિને વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.





સુરત સુધરાઈ સ્થાપના દિનની પૂર્વ સંધ્યાએ તા.૧૪/૦૫/૨૦૧૫ના રોજ સાંજે ૪ કલાકે સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે શહેરના ભાવીન ગૃપના કલાકારો દ્વારા સંગીત સંધ્યાનો કાર્યક્રમ ખાસ સીનીયર સીટીજનો માટે વિનામૂલ્યે યોજાયો હતો. મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા, સ્થાનિક મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, ઉજવણી સમિતિના સભ્યશ્રીઓ તેમજ શહેરના અગ્રણી નાગરિકોએ શહેરના વરિષ્ઠ નાગરિકોને સરદાર પટેલ સ્મૃતિ ભવનના પ્રવેશ દ્વારે ગુલાબનું ફુલથી આવકાર્યા હતા. ભારતના વડાપ્રધાન મા.શ્રી નરેન્દ્ર મોદીના 'સ્વચ્છ ભારત અભિયાન' અંતર્ગત ઉપસ્થિત નગરજનોએ સ્વચ્છતા અંગેના શપથ લઈ કાપડ પર હસ્તાક્ષર કર્યા હતા.

સરદાર પટેલ સ્મૃતિ ભવનના તખ્તે સંગીતના સૂરો રેલાયા હતા. જેનાથી સીનીયર સીટીજનોએ જુના સંસ્મરણો વાગોળી આવો સંગીતનો લ્હાવો મન ભરીને માણ્યો હતો. સીનીયર સીટીજનો માટે અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવી હતી. સીનીયર સીટીજન તથા નાગરિકોએ સુરત મહાનગરપાલિકા દ્વારા સુધરાઈ સ્થાપના દિવસની પૂર્વ સંધ્યાએ આવો અનોખો કાર્યક્રમ યોજવા તથા વિનામૂલ્યે આમંત્રણ પાઠવવા બદલ સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સુરતોત્સવ ઉજવણી સમિતિના સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓને ખાસ અભિનંદન પાઠવી સુરત મહાનગરપાલિકાની આ પ્રવૃત્તિને બિરદાવી હતી. આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી કુમારભાઈ કાનાણી, શ્રી પ્રફુલ્લભાઈ પાનશેરિયા, વિવિધ એશોસિએશનના હોદ્દેદારો, મ્યુનિ.સભ્યશ્રીઓ, માજી મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, સીનીયર સીટીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

TOP

## પ્રેસનોટ
## ૧૫મી મે સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી 'સુરતોત્સવ'



૧૫મી મે, સુરત સુધરાઈ સ્થાપના દિનની ઉજવણી અન્વયે ''સુરતોત્સવ'' અંતર્ગત તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન સુરત મહાનગરપાલિકા તથા લોકભાગીદારીથી સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિને વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

તા.૧૪/૦૫/૨૦૧૫ના રોજ સાંજે ૫ કલાકે એટલે કે સુરત સુધરાઈ સ્થાપના દિનની પૂર્વ સંધ્યાએ સંજીવકુમાર ઓડિટોરીયમમાં વડોદરાથી પધારેલ સચિન લિમયે ગૃપના સંગીત કલાકારોએ ખાસ સીનીયર સીટીજનો માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ રજુ કર્યો હતો. મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, ધારાસભ્યશ્રી પુર્ણેશભાઈ મોદી, 'સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, સુરતોત્સવ' ઉજવણી સમિતિના સભ્યશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ–અધિકારીશ્રીઓએ શહેરના સીનીયર સીટીજનોને આદરપુર્વક ગુલાબના પુષ્પ સાથે આવકાર્યા હતા. ભારતના વડાપ્રધાન મા.શ્રી નરેન્દ્ર મોદીના 'સ્વચ્છ ભારત અભિયાન' અંતર્ગત ઉપસ્થિત નગરજનોએ સ્વચ્છતા અંગેના શપથ લઈ કાપડ પર હસ્તાક્ષર કર્યા હતા.

સચિન લિમયે ગૃપના સાજીંદાઓએ સંજીવકુમાર ઓડિટોરીયમમાં સંગીતના સૂરો રેલાવી ઉપસ્થિત તમામને રસતરબોળ કર્યા હતા. સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત સુધરાઈ સ્થાપના દિવસની પૂર્વ સંધ્યાએ શહેરના વરિષ્ઠ નાગરિકો માટે જ આવો સંગીતનો અનોખો કાર્યક્રમ યોજવા બદલ સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સુરતોત્સવ ઉજવણી સમિતિના સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓની આ પ્રવૃતિને વખાણી હતી. સીનીયર સીટીજનો માટે ખાસ અલ્પાહારની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, ધારાસભ્યશ્રી પુર્ણેશભાઈ મોદી,સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, 'સુરતોત્સવ' ઉજવણી સમિતિના સભ્યશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ–અધિકારીશ્રીઓએ શહેરના સીનીયર સીટીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમનો લ્હાવો લીધો હતો. હવે પછી યોજાનાર વિવિધ કાર્યક્રમોમાં પણ નગરજનોને ઉત્સાહપૂર્વક જોડાવા હાર્દિક નિમંત્રણ છે.

TOP

## પ્રેસનોટ

## ૧૫મી મે સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી 'સુરતોત્સવ'

૧૫મી મે, સુરત સુધરાઈ સ્થાપના દિનની ઉજવણી અન્વયે "સુરતોત્સવ" અંતર્ગત તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન સુરત મહાનગરપાલિકા તથા લોકભાગીદારીથી સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિને વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

સુરત સુધરાઈ સ્થાપના દિનની પૂર્વ સંધ્યાએ તા.૧૪/૦૫/૨૦૧૫ના રોજ સાંજે ૬ કલાકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં મેલડી ગૃપ–અમદાવાદના સાજીંદાઓ દ્વારા સંગીત સંધ્યાનો કાર્યક્રમ ખાસ સીનીયર સીટીજનો માટે વિનામૂલ્યે યોજાયો હતો. મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, શાસક પક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રી દક્ષેશ ઠાકર, 'સુરતોત્સવ' ઉજવણી સમિતિના સભ્યશ્રીઓ તેમજ મ્યુનિસિપલ સભ્યશ્રીઓએ શહેરના સીનીયર સીટીજનોને આવકાર્યા હતા. ભારતના વડાપ્રધાન મા.શ્રી નરેન્દ્ર મોદીના 'સ્વચ્છ ભારત અભિયાન' અંતર્ગત ઉપસ્થિત નગરજનોએ સ્વચ્છતા અંગેના શપથ લઈ કાપડ પર હસ્તાક્ષર કર્યા હતા.

અમદાવાદથી પધારેલ મેલડીગૃપના સંગીત કલાકારોએ સંગીતના સૂરો રેલાવી ઉપસ્થિત તમામને ડોલાવ્યા હતા. સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત સુધરાઈ સ્થાપના દિવસની પૂર્વ સંધ્યાએ આવો અનોખો કાર્યક્રમ શહેરના વરિષ્ઠ નાગરિકો માટે યોજવા બદલ સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સુરતોત્સવ ઉજવણી સમિતિના સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓનો ખાસ આભાર માન્યો હતો. આ કાર્યક્રમમાં મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, શાસક પક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રી દક્ષેશ ઠાકર, 'સુરતોત્સવ' ઉજવણી સમિતિના સભ્યશ્રીઓ તેમજ મ્યુનિસિપલ સભ્યશ્રીઓએ અને  માજી મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, સીનીયર સીટીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને મન ભરીને માણ્યો હતો.  સીનીયર સીટીજનો માટે અલ્પાહારની ખાસ વ્યવસ્થા રાખવામાં આવી હતી.

TOP

## પ્રેસનોટ

## ૧૫મી મે સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી અન્વયે 'સુરતોત્સવ' અંતર્ગત વિવિધ કાર્યક્રમો

૧૫મી મે, સુરત સુધરાઈ સ્થાપના દિનની ઉજવણી અન્વયે "સુરતોત્સવ" અંતર્ગત તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન સુરત મહાનગરપાલિકા તથા લોકભાગીદારીથી સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિને વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

સુરત સુધરાઈ સ્થાપના દિનની પૂર્વ સંધ્યાએ તા.૧૪/૦૫/૨૦૧૫ના રોજ સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે સાંજે ૪ કલાકે શહેરના નામી કલાકારોનું ભાવીન ગૃપના કલાકારો, સંજીવ કુમાર ઓડીટોરીયમ ખાતે સાંજે ૫ કલાકે સચિન લીમીયે ગૃપ–વડોદરાના કલાકારો અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કન્વેનશન હોલ ખાતે સાંજે ૬ કલાકે મેઘદૂત મેલડી ગૃપ–અમદાવાદના કલાકારો ખાસ સીનીયર સીટીઝન માટે ગુજરાતી સુગમ સંગીતના સૂરો રેલાવ્યા હતા. જેને મોટી સંખ્યામાં સીનીયર સીટીઝનોએ લાભ લીધો હતો. જયારે ગાંધી સ્મૃતિ ભવન ખાતે સાંજે ૪ કલાકે સીનીયર સીટીઝન્સ માટે શહેરના નામાંકિત કરંજિયા ગૃપ દ્વારા પારસી કોમેડી નાટક "કુતરાની પૂંછડી વાંકી"નો નાટ્ય પ્રયોગ ભજવવામાં આવ્યો હતો. જયારે રાત્રે ૮.૩૦ કલાકે યુવક–યુવતીઓ અને યંગસ્ટર્સ માટે રીવરફ્રન્ટ અડાજણ ખાતે અંતરિક્ષ ગૃપ દ્વારા રોકબેન્ડના મ્યુઝીકમાં મોટી સંખ્યામાં યંગસ્ટરો ઝૂમી ઉઠયા હતા. સાથે જ શહેરની ચારે દિશાઓમાં નાવડી ઓવારા, નાનપુરાથી, કતારગામ કાંસાનગરથી, મોટા વરાછા રીવર ફ્રન્ટ તથા નિલગીરી ગ્રાઉન્ડ લિંબાયત ખાતેથી રાત્રે ૮.૪૫ કલાકે એક સાથે યોજાયેલ આતશબાજીનો નજારો નગરજનોએ માણ્યો હતો.

વિશેષ આયોજન રૂપે તમામ કાર્યક્રમોમાં ઉપસ્થિત નગરજનો દ્વારા શપથ લેવડાવી 'સ્વચ્છ ભારત' અભિયાન અંતર્ગત સ્વચ્છતાના સૂત્રો સાથે હસ્તાક્ષર, સફાઈ અભિયાન તથા સમગ્ર શહેરને રોશનીથી શણગારી ઝળહળતું કરવામાં આવેલ છે.

હવે પછી તા.૧૫ મી સુરત સુધરાઈ સ્થાપના દિનની વહેલી સવારે ૬.૩૦ કલાકે વિયરકમ કોઝ–વે આગળ તાપી પૂજન, મંત્રોચ્ચાર, શંખનાદ તેમજ હોડીમાં આરતી ભજનકીર્તનના નાદ સાથે કાર્યક્રમની શરૂઆત થશે. ત્યાર બાદ સવારે ૮.૧૫ કલાકે ગાંધી બાગ, ચોક ખાતે આવેલ સુરતના મહાન સપૂત, પ્રખર સમાજસુધારક અને ગરવી ગુજરાતના પ્રણેતા વીર કવિશ્રી નર્મદની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કરવામાં આવશે. બાદમાં ૯.૪૫ કલાકે સાયન્સ સેન્ટર ખાતે રંગોળી પ્રદર્શનનો ઉદ્દઘાટન સમારોહ અને સવારે ૧૦ કલાકે સંજીવકુમાર ઓડિટોરીયમ, પાલ ખાતે સુરત સુધરાઈ અને મહાનગરપાલિકાના આજપર્યંત ચૂંટાયેલા સભ્યશ્રીઓને શ્રી નાનુભાઈ વાનાણી,મા.મંત્રીશ્રી, પાણી પુરવઠો, જળસંપત્તિ (કલ્પસર સિવાય), ગુજરાત રાજયની પ્રેરક ઉપસ્થિતિમાં અભિવાદન સમારોહ યોજાશે.

મેગા ઈવેન્ટ હેઠળ વી.આઈ.પી. રોડ ખાતે મણીબા પાર્ટી પ્લોટની સામેના ડી.આર.બી. પ્લોટ મૂકામે ભવ્ય આયોજન કરાયા છે. જે અંર્તગત તા.૧૫/૦૫/૨૦૧૫ના રોજ સાંજે છ કલાકે સુગમ સંગીતમાં નામી કલાકારો જેવા કે પાર્થીવ ગોહીલ, ભૂમી ત્રિવેદી, ગાર્ગી વોરા, સાધના સરગમ, અમન લેખડીયા તથા ભૂપેન્દ્રસિંગ વિગેરે પરફોર્મ કરશે. કાર્યક્રમ સ્થળે આવવા–જવા માટે અલગ અલગ સ્થળોએથી રાઉન્ડધી કલોક સીટી બસની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ તમામ કાર્યક્રમોમાં સહભાગી થવા નગરજનોને હાર્દિક નિમંત્રણ છે.

TOP

## પ્રેસનોટ

## ૧૫મી મે સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી 'સુરતોત્સવ'

૧૫મી મે, સુરત સુધરાઈ સ્થાપના દિનની ઉજવણી અન્વયે ''સુરતોત્સવ'' અંતર્ગત તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન સુરત મહાનગરપાલિકા તથા લોકભાગીદારીથી સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિને વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

તા.૧૪/૦૫/૨૦૧૫ના રોજ સુરત સુધરાઈ સ્થાપના દિનની પૂર્વે સંધ્યાએ રાત્રે ૮.૪૫ કલાકે સુરત શહેરની ચારે દિશાઓને આવરી લઈને ભવ્ય આતશબાજીનું આયોજન કરવામાં આવ્યું હતું. એક સાથે રાત્રે ૮.૪૫ કલાકે યોજાયેલ નાવડી ઓવારા, નાનપુરાથી, કતારગામ કાંસાનગરથી, મોટા વરાછા રીવર ફ્રન્ટ તથા નિલગીરી ગ્રાઉન્ડ લિંબાયત ખાતેથી રાત્રે ૮.૪૫ કલાકે એક સાથે યોજાયેલ રંગીન આતશબાજીનો નજારો નગરજનોએ માણ્યો હતો.

TOP

## પ્રેસનોટ

## ૧૫મી મે સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી 'સુરતોત્સવ'

૧૫મી મે, સુરત સુધરાઈ સ્થાપના દિનની ઉજવણી અન્વયે ''સુરતોત્સવ'' અંતર્ગત તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન સુરત મહાનગરપાલિકા તથા લોકભાગીદારીથી સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિને વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

તા.૧૪/૦૫/૨૦૧૫ના રોજ સુરત સુધરાઈ સ્થાપના દિનની પૂર્વે રાત્રે ૮.૩૦ કલાકે તાપી રીવર ફ્રંટ, લો–લેવલ બ્રીજ, અડાજણ ખાતે શહેરના યંગસ્ટર યુવક–યુવતીઓ માટે રોકબેન્ડનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, 'સુરતોત્સવ' ઉજવણી સમિતિના સભ્યશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ–અધિકારીશ્રીઓએ શહેરના યુવક–યુવતીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમનો લ્હાવો લીધો હતો. હવે પછી યોજાનાર વિવિધ કાર્યક્રમોમાં પણ નગરજનોને ઉત્સાહપૂર્વક જોડાવા હાર્દિક નિમંત્રણ છે.

TOP

## પ્રેસનોટ
## જનસંપર્ક વિભાગ

સુરતમહાનગર પાલિકા દ્વારા તા.૧૬/૦૫/૨૦૧૫ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે વરાછા ઝોન વિસ્તારમાં રૂા.૮૧૯૩.૯૪ લાખના ખર્ચે સાકારિત થયેલ હેલ્થ સેન્ટર, વાંચાલય, વેજીટેબલ માર્કેટ, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું વિસ્તૃતિકરણના પ્રકલ્પોની તકતીની અનાવરણવિધિ શ્રી શંકરભાઈ ચૌધરી માન. મંત્રીશ્રી, રાજયકક્ષા, શહેરીગૃહ નિર્માણ(સ્વતંત્ર હવાલો), આરોગ્ય અને પરિવારકલ્યાણ, વાહનવ્યવહાર, ગુજરાત રાજયના વરદ્ હસ્તે રાખવામાં આવનાર છે.

પૂર્વ(વરાછા)ઝોન માં મોટા વરાછા– ઉત્રાણ ખાતે હેલ્થ સેન્ટર રૂા. ૯૩.૧૫ લાખ ના ખર્ચે સાકારિત ૭૦૦ ચો.મી. વિસ્તારમાં હેલ્થ સેન્ટરના લોકાર્પણથી મોટાવરાછા તથા આજુબાજુના વિસ્તારના લોકોને મેડીકલ સારવારની સુવિધા મળી શકાશે.

પૂર્વ(વરાછા)ઝોનમાં કરંજ ખાતે રૂ.ા ૪૧.૨૬ લાખના ખર્ચે સાકારિત તથા ઉમરવાડા ખાતે રૂ ૩૫.૬૦ લાખના ખર્ચે ફર્નિચર સાથેના વાંચનાલયનું બાંધકામ કરવામાં આવેલ છે. વાંચનાલયના લોકાર્પણથી સીનીયર સીટીઝનો, તથા વિદ્યાર્થીઓ વિગેરેને વાંચનની સુવિધા પ્રાપ્ત થશે.

પૂર્વ(વરાછા)ઝોન કરંજ ખાતે હયાત ૧૦૦ એમ.એલ.ડી. ક્ષમતાના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની ૪૦ એમ.એલ.ડી ક્ષમતાના રૂ.ા ૮૦ કરોડના ખર્ચે પ્લાન્ટનું વિસ્તૃતિકરણના લોકાર્પણથી આ વિસ્તારમાં ભવિષ્યની ૨૦૩૬ સુધીની વસ્તી દ્વારા ઉત્પન્ન થતા મલિનજળનું શુધ્ધિકરણ થશે.

લિંબાયત ઝોનમાં પરવત ગોડાદરા ખાતે રૂ.ા ૩૧.૯૪ લાખના ખર્ચે સાકારિત વેજીટેબલ માર્કેટના લોકાર્પણથી પરવત ગોડાદરાના નાગરિકોને શાકભાજી ખરીદવાની સવલત મળશે.

આ પ્રસંગે સમારંભ પ્રમુખશ્રી નિરંજન ઝાંઝમેરા. મા.મેયરશ્રી, રાજયકક્ષાના મા.મંત્રીશ્રી નાનુભાઈ વાનાણી, માન.દંડકશ્રી ગુજરાત રાજયના શ્રી અજયકુમાર ચોકસી, માન.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, માન.સાંસદ શ્રી સી.આર.પાટીલ,માન.સાંસદ શ્રી પરભુભાઈ વસાવા,માન. અધ્યક્ષશ્રી ગુજરાત હાઉસીંગ બોર્ડના શ્રીવિવેકભાઈ પટેલ, ધારાસભ્યશ્રીઓ, શ્રી પૂર્ણશભાઈ મોદી, શ્રી હર્ષ સંઘવી, શ્રીમતી સંગીતાબેન પાટીલ, શ્રી મુકેશભાઈ પટેલ, નરોત્તમભાઈ પટેલ, શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, શ્રી જનકભાઈ પટેલ, રણજીતભાઈ ગીલીટવાલા, શ્રી કિશોરભાઈ કાનાણી, શ્રી રાજેન્દ્રભાઈ પટેલ, માન. ડે. મેયર શ્રીમતી રંજનબેન કે. વેકરીયા, માન. અધ્યક્ષ શ્રી નિરવ શાહ, માન. નેતા શ્રી કિશોરભાઈ બિંદલ વિગેરે ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે જાહેર જનતાને ઉપસ્થિત રહેવા સ્નેહ ભર્યું નિમંત્રણ છે.

TOP

## પ્રેસનોટ

## ૧૫મી મે સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી અન્વયે 'સુરતોત્સવ'

૧૫મી મે, સુરત સુધરાઈ સ્થાપના દિનની ઉજવણી અન્વયે "સુરતોત્સવ" અંતર્ગત તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન સુરત મહાનગરપાલિકા તથા લોકભાગીદારીથી સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિને વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ જે અન્વયે સુરત સુધરાઈ સ્થાપના દિન તા.૧૫/૦૫/૨૦૧૫ના રોજ વીર





કવિ નર્મદ સરોવર (કોઝ વે)ના સીંગણપોર છેડેથી સવારે ૬–૩૦ કલાકે સુર્યપૂત્રી તાપી માતાના પૂજનના કાર્યક્રમનું આયોજન

કરવામાં આવેલ હતું. કાર્યક્રમની શરૂઆત શંખધ્વનીના મધુર સુરોથી અને ત્યારબાદ શ્રી સત્યેન જગીવાલા અને શ્રી અમન લેખડીયાના સુરોમાં ગણેશ વંદના તેમજ સુર્યપૂર સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓ ધ્વારા પવિત્ર વૈદિક મંત્રોચ્ચારથી કરવામાં આવેલ. ત્યારબાદ શહેરના પ્રથમ નાગરિક મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, ગુજરાત વિધાન સભાના દંડક અને ધારાસભ્ય શ્રી અજયભાઈ ચોકસી, ગુજરાત હાઉસીંગ બોર્ડના અધ્યક્ષશ્રી વિવેકભાઈ પટેલ, સાંસદ દર્શનાબેન જરદોષ, ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, ડે.મેયર શ્રીમતી રંજનબેન વેકરીયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી કિશોરીબેન કાપડીયા, મા.મ્યુ.કમિશનરશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનીવર્સીટીના ઉપ કુલપતિ શ્રી દક્ષેશભાઈ ઠાકર, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, તથા અન્ય મહાનુભાવો ધ્વારા સુર્યપૂત્રી તાપીમાતાની આરતી કરી પૂજા અર્ચના કરવામાં આવેલ હતી. ત્યારબાદ મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા ધ્વારા મા. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના "સ્વચ્છતા અભિયાન" અંતર્ગત ઉપસ્થિત નગરજનોને સ્વચ્છતા અંગેના શપથ લેવડાવવામાં આવેલ હતા તેમજ હસ્તાક્ષર અભિયાન અંતર્ગત કાપડ પર ઉપસ્થિત સૌ મહાનુભાવો અને શહેરીજનોએ હસ્તાક્ષર કર્યા હતા. મા.મેયરશ્રી ધ્વારા આજના આ પાવન અવસરે ઉપસ્થિત સૌ મહાનુભાવો અને શહેરીજનોને શુભેચ્છા પાઠવવામાં આવેલ હતી.

TOP

## સ્મીમેર હોસ્પીટલ–કોલેજ

## પ્રેસનોટ

૧. સ્મીમેર હોસ્પીટલમાં તા.૦૮/૦૫/૨૦૧૫ થી તા.૧૪/૦૫/૧૫ દરમ્યાન સારવાર લીધેલ પેશન્ટોની આંકડાકીય માહિતી.

| અ.નં. | વિગત | | દર્દીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આઉટડોર દર્દી | | ૯૯૫૪ |
| ૨ | દાખલ દર્દી | | ૯૫૪ |
| ૩ | એમ.એલ.સી.દર્દી | | ૪૪૯ |
| ૪ | આઈ.સી.યુ.વિભાગ | | ૪૫ |
| ૫ | ડીલીવરી | | ૧૩૫ |
| ૬ | ઓપરેશન | નાના | ૨૦૪ |
| | | મોટા | ૧૪૬ |
| ૭ | રેડીયોલોજી | | |
| | એક્ષ–રે | | ૨૬૩૩ |
| | સોનોગ્રાફી | | ૫૪૫ |
| | એમ.આર.આઈ. | | ૧૩૯ |
| | સી.ટી.સ્કેન | | ૧૦૪ |
| ૮ | એ.આર.વી. | નવા | ૯૪ |
| | | જુના | ૧૯૧ |
| ૯ | બ્લડ બેંક (યુનીટ) | ડોનર | ૮૯ |
| | | ઈસ્યુ | ૩૧૬ |
| ૧૦ | લેબોરેટરી | | ૧૯૪૪૨ |

વધુમાં મીલ્ક બેંક, આઈ બેંક વિગેરેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

**પ્રેસનોટ**
**નોર્થ ઝોન (કતારગામ)**
**સુરત મહાનગરપાલિકા**

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૪/૦૫/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૩૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૩૯ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૩૦૪ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૧૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૨૬ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૦૪ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૧૮,૯૮,૯૬૪/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૬૪ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૦ એન્ટ્રીમાં રૂા.૪૦,૮૩૩/– અને આર.સી.ની ૪૪ એન્ટ્રીમાં રૂા.૯,૮૦,૭૦૩/– મળી કુલ રૂા.૧૦,૨૧,૫૩૬/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૧૫ એન્ટ્રીમાં રૂા.૫૪૦/–, રીન્યુઅલની ૦૪ એન્ટ્રીમાં રૂા.૧૬૦/– અને દંડની રકમની ૦૪ એન્ટ્રીમાં રૂા.૬૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૨ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી તેમજ નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૨,૬૬,૯૮૦/– ચાર્જ વસુલ લીધેલ.

ઈમ્પેકટ ફી પેટે ૧૬ ફાઈલોના રૂા.૧,૮૭,૨૮૦/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભઘક આવાસ વસુલાત રૂા.૧,૧૬,૪૩૯/–, મિલ્કત ભાડાના રૂા.૧૧,૦૯,૯૫૩/–, મંડપ ચાર્જના રૂા.૩૧૫/–, દબાણ ચાર્જના રૂા.૩,૧૦૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧૦૦/– મળી કુલ રૂા.૧૨,૨૯,૯૦૭/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૨ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા
## ૧૫મી મે સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી અન્વયે 'સુરતોત્સવ' અંતર્ગત
## તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ સુધી યોજાનાર વિવિધ કાર્યક્રમો

૧૫મી મે, સુરત સુધરાઈ સ્થાપના દિનની ઉજવણી અન્વયે "સુરતોત્સવ" અંતર્ગત તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન સુરત મહાનગરપાલિકા તથા લોકભાગીદારીથી ત્રણ દિવસની ભવ્ય ઉવજણીની તડામાર તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિને વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોની પ્રસ્તુતી નગરજનો માટે થનાર છે. જે અંતર્ગત યુવાનો, સીનીયર સીટીઝન્સ, બાળકો તેમજ મહિલાઓ તમામને સાંકળી લે તેવા ઉચ્ચકક્ષાના સાંસ્કૃતિક, મનોરંજક કાર્યક્રમોના આયોજનો થયા છે. આ કાર્યક્રમોમાં ગુજરાતી ભાષાના કલાકારોને વિશેષ નિમંત્રિત કરવામાં આવ્યા છે.

સુરત સુધરાઈ સ્થાપના દિનની પૂર્વ સંધ્યાએ તા.૧૪/૦૫/૨૦૧૫ના રોજ સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે સાંજે ૪ કલાકે શહેરના નામી કલાકારોનું ભાવીન ગૃપના કલાકારો, સંજીવ કુમાર ઓડીટોરીયમ ખાતે સાંજે ૫ કલાકે સચિન લીમીયે ગૃપ–વડોદરાના કલાકારો અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કન્વેનશન હોલ ખાતે સાંજે ૬ કલાકે મેઘદૂત મેલડી ગૃપ–અમદાવાદના કલાકારો ખાસ સીનીયર સીટીઝન માટે ગુજરાતી સુગમ સંગીતના સૂરો રેલાવશે. જયારે ગાંધી સ્મૃતિ ભવન ખાતે સાંજે ૪ કલાકે સીનીયર સીટીઝન્સ માટે શહેરના નામાંકિત કરંજિયા ગૃપ દ્વારા પારસી કોમેડી નાટક "કુતરાની પૂંછડી વાંકી"નો નાટ્ય પ્રયોગ ભજવવામાં આવશે. જયારે રાત્રે ૮.૩૦ કલાકે યુવક–યુવતીઓ અને યંગસ્ટર્સ માટે રીવરફ્રન્ટ અડાજણ ખાતે અંતરિક્ષ ગૃપ દ્વારા રોકબેન્ડનું મ્યુઝીક પ્રસ્તુત થશે. સાથે જ શહેરની ચારે દિશાઓમાં નાવડી ઓવારા, નાનપુરાથી, કતારગામ કાંસાનગરથી, મોટા વરાછા રીવર ફ્રન્ટ તથા નિલગીરી ગ્રાઉન્ડ લિંબાયત ખાતેથી રાત્રે ૮.૪૫ કલાકે એક સાથે આતશબાજી કરાશે.

તા.૧૫ મી સુરત સુધરાઈ સ્થાપના દિનની વહેલી સવારે ૬.૩૦ કલાકે વિયરકમ કોઝ–વે આગળ તાપી પૂજન, મંત્રોચ્ચાર, શંખનાદ તેમજ હોડીમાં આરતી ભજનકીર્તનના નાદ સાથે કાર્યક્રમની શરૂઆત થશે. જેમાં સૌ નગરજનો સફેદ ડ્રેસમાં જોડાશે. ત્યાર બાદ સવારે ૮.૧૫ કલાકે ગાંધી બાગ, ચોક ખાતે આવેલ સુરતના મહાન સપૂત, પ્રખર સમાજસુધારક અને ગરવી ગુજરાતના પ્રણેતા વીર કવિશ્રી નર્મદની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કરવામાં આવશે. બપોરે ૧૦ કલાકે સંજીવકુમાર ઓડિટોરીયમ, પાલ ખાતે સુરત સુધરાઈ અને મહાનગરપાલિકાના આજપર્યંત ચૂંટાયેલા સભ્યશ્રીઓને શ્રી નાનુભાઈ વાનાણી, મા.મંત્રીશ્રી, પાણી પુરવઠો, જળસંપત્તિ (કલ્પસર સિવાય), ગુજરાત રાજયની પ્રેરક ઉપસ્થિતિ સ્નેહમિલન સમારોહ યોજાશે.

તા.૧૬/૦૫/૨૦૧૫ના રોજ સવારે ૬.૩૦ કલાકે યુનિક હોસ્પીટલથી ખરવર નગર જંકશન સુધી ખચતક રૂટ ઉપર બાળકોની સ્કેટીંગ રેલી યોજાશે. જયારે એજ સમયે શહેરની ઐતિહાસિક વિરાસતને વાગોળવા ડચ સીમેન્ટ્રી, કતારગામ મેઈન રોડથી ચોક ચાર રસ્તા કિલ્લા સુધી 'હેરીટેજ વોક' થશે. હેરીટેજ વોક બાદ ગાંધી બાગ, ચોક ખાતે પૂ.મહાત્મા ગાંધીજીની પ્રતિમાને સુતરાંજલી અર્પણ કરવામાં આવશે. તા.૧૬/૦૫/૨૦૧૫ના રોજ બપોરે ૧૨ થી ૩ કલાક દરમ્યાન "મારૂં સુરત' થીમ ઉપર કતારગામ પાટીદાર સમાજની વાડીમાં ચિત્રકામ હરિફાઈ યોજાશે.

તા.૧૭/૦૫/૨૦૧૫ના રોજ સવારે ૬.૩૦ કલાકે હીરાબાગ સર્કલ થી સરદાર ચોક, વરાછા સુધી 'રન ફોર સુરત'નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં 'સ્વચ્છ ભારત' અભિયાન અંતર્ગત શપથ લેવડાવી સ્વચ્છતાના સૂત્રો સાથે હસ્તાક્ષર અભિયાન હાથ ધરાશે. બાદમાં સવારે ૮.૧૫ કલાકે સરદાર ચોક, વરાછા ખાતે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કરવામાં આવશે.

આ ઉજવણીમાં સુરત સુધરાઈ સ્થાપના દિનની ઉજવણીએ સુરતના તેજ રફતાર વિકાસના શિલ્પી તથા સાક્ષી એવા સુરત શહેરના ભૂતપૂર્વ મેયરશ્રીઓ અને સુરત મહાનગરપાલિકામાં સેવા બજાવી ગયેલ કમિશનરશ્રીઓને સંજીવકુમાર ઓડિટોરીયમ ખાતે તા.૧૭/૦૫/૨૦૧૫ના રોજ સવારે ૧૦ કલાકે આદરણીય મહામહિમ રાજપાલશ્રી ઓમપ્રકાશ કોહલીની પ્રેરક ઉપસ્થિતિમાં અભિવાદિત કરવામાં આવશે.

TOP

મેગા ઈવેન્ટ હેઠળ વી.આઈ.પી. રોડ ખાતે મણીબા પાર્ટી પ્લોટની સામેના ડી.આર.બી. પ્લોટ મૂકામે ભવ્ય આયોજન કરાયા છે. જે અંર્તગત તા.૧૫/૦૫/૨૦૧૫ના રોજ સાંજે ૭ કલાકે સુગમ સંગીતમાં નામી કલાકારો જેવા કે પાર્થીવ ગોહીલ, ભૂમી ત્રિવેદી, ગાર્ગી વોરા, સાધના સરગમ, અમન લેખડીયા તથા ભૂપેન્દ્રસિંગ વિગેરે પરફોર્મ કરશે. આ જ સ્થળે આજ સમયે






૧૬મી તારીખે ફયુઝન પર્ફોરમન્સમાં વિખ્યાત ડ્રમ પ્લેયર શિવમણી તથા તેની સંગતમાં ફયુઝન મ્યુઝીકના વિશ્વ વિખ્યાત કલાકારો ચિંતુસિંગ, અરૂણ કુમાર, નિનાદ પુલાવકર, સંતોષ ખુંબેકર, ઓજસ અઢિયા, મેન્ડોલીન યુ.રાજેશ, હરમીત માનસેતા વગેરે લોકોને ડોલાવશે. છેલ્લા દિવસે તા. ૧૭ મી ના રોજ સાંજે ૬ કલાકે લોકનૃત્ય/નૃત્ય નાટિકામાં ગુજરાતના શ્રેષ્ઠ નૃત્ય અભ્યાસુ જોરાવરસિંહ જાદવ તથા સો જેટલા કલાકારો અદભૂત લોકનૃત્યોનું પ્રદર્શન કરશે.

આ પ્રસંગે તા.૧૫/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન સવારે ૮ થી રાત્રે ૯ કલાક સુધી સાયન્સ સેન્ટર, સીટીલાઈટ રોડ ખાતે સુરત શહેરની ઐતિહાસિક ધરોહરની ઝાંખી કરાવતા પ્રોજેકટો, ફોટોગ્રાફસ અને રંગોળી પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે.

વિશેષ આયોજન રૂપે તમામ કાર્યક્રમોમાં ઉપસ્થિત નગરજનો દ્વારા શપથ લેવડાવી 'સ્વચ્છ ભારત' અભિયાન અંતર્ગત સ્વચ્છતાના સૂત્રો લખાશે તેમજ હસ્તાક્ષરો કરાશે. સાથે સફાઈ અભિયાન હાથ ધરાશે. તા.૧૪ થી ૧૭ મે, ૨૦૧૫ દરમ્યાન સમગ્ર શહેરને રોશનીથી શણગારી ઝળહળતું કરાશે.

આ તમામ કાર્યક્રમો સુરત મહાનગરના નગરજનો માટે વિના મૂલ્યે માણવાનું આયોજન કરવામાં આવ્યું છે. તે માટે નગર સેવકો, અધિકારીઓ, એન.જી.ઓ., શહેરની પ્રતિષ્ઠિત વ્યકિતઓ, કલાકારો વિગેરે જોર શોરથી દિન રાત જહેમત ઉઠાવી રહ્યા છે. આ માટે રચાયેલ કમિટિએ નગરજનોને સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત કાર્યક્રમોમાં સહભાગી બની સફળ બનાવી સુરતનું નામ ઉજજવળ કરવાની અપીલ કરી છે.

TOP

## પ્રેસ નોટ



સુરત મહાનગરપાલિકા આયોજિત, " સુરત સુધરાઈ" સ્થાપના દિન (૧૫ મે)ની ઉજવણી નિમિતે " રંગોળી તથા ફોટોગ્રાફસ પ્રદર્શન" નું આયોજન સાયન્સ સેન્ટર સ્થિત આર્ટ ગેલેરીમાં તા.૧૫ /૦૫/૨૦૧૫ થી તા.૨૪/૦૫/૨૦૧૫ સુધી કરવામાં આવ્યું છે. સદર પ્રદર્શનનું ઉદ્દઘાટન મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના વરદ હસ્તે તા.૧૫/૦૫/૨૦૧૫ ના રોજ કરવામાં આવ્યુ. આ ઉદ્દઘાટન વિધિમાં મા.સાંસદશ્રી દર્શનાબેન જરદોશ, ડે.મેયરશ્રી, વિવિધ સમિતિઓના ચેર પર્સનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ, રંગોળી કલાકારો, ફોટોગ્રાફર્સ તથા બહોળી સંખ્યામાં નગરજનોએ હાજર રહી પ્રસંગની શોભામાં અભિવૃધ્ધી કરી હતી.

રંગોળી પ્રદર્શનમાં શહેરના નામાંકિત ૧૧ કલાકારોની ૧૯ રંગોળીઓ પ્રદર્શિત કરવામાં આવી છે. જેમાં સુરત સુધરાઈનું પ્રથમ સભાસ્થળ, નાનપુરા સ્થિત જુની પોસ્ટઓફિસ (ઈ.સ.૧૮૫૨) તથા તેનું મુઘલસરાઈ સ્થિત મધ્યસ્થ કચેરી સ્વરૂપે સ્થળાંતર (ઈ.સ.૧૮૬૭), કવિ નર્મદ, સુરત મહાનગરપાલિકા ધ્વારા વિકસાવેલા વિવિધ પ્રકલ્પો આધારિત રંગોળીઓ જેમકે બી.આર.ટી.એસ.પ્રોજેકટ, રીવર ફ્રન્ટ, સાયન્સ સેન્ટર, સુચિત રેલ્વે સ્ટેશનની તથા ડાયમંડ બુર્સની પ્રકલ્પના, જનશકિત આઈલેન્ડ (મજુરાગેટ સર્કલ) દર્શાવેલ છે. તદઉપરાંત સુરતમાં સુવર્ણ ઈતિહાસ દર્શાવતા વિવિધ સ્મારકો જેવાકે કિલ્લો, સૂર્ય પુત્રી તાપી નદી, બ્રિટિશ સિમેટ્રી, ખ્વાજા દાના સાહેબની દરગાહ, સી.એન.આઈ.ચર્ચના અદભૂત સ્ટેઈન્ડ ગ્લાસ વિન્ડોની રંગોળીઓ પ્રદર્શિત કરી છે. વધુમાં સુરતના જમણ, જરીમાંથી બનાવેલ સુરત મહાનગરપાલિકાનો લોગો તથા જરી અને ડાયમંડ ઉદ્યોગ દર્શાવતી રંગોળીઓ પણ પ્રદર્શિત કરેલ છે. આ રંગોળીઓ બનાવનાર કલાકારોનું બહુમાન મા.મેયરશ્રીના હસ્તે પ્રમાણપત્રો અર્પણ કરીને કરવામાં આવ્યું.





આ પ્રસંગે સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ધ્વારા પ્રતિ  માસ પ્રકાશિત થનારા " સાયન્સ સેન્ટર ન્યુઝ લેટર" ના પ્રથમ અંકનું અનાવરણ મા.મેયરશ્રીના વરદ હસ્તે કરવામાં આવ્યું. સદર ન્યુઝ લેટરમાં વિજ્ઞાનમાં નવીન ખોજ, આ માસના વૈજ્ઞાનિક, સાયન્સ ફેકટસ, વૈજ્ઞાનિક પ્રશ્ન, વૈજ્ઞાનિક કિવઝ, ફન સાયન્સ ગેલેરીના એકઝીબીટને જાણો વિગેરે વિષયોને આવરી લેવામાં આવ્યા છે. આ ન્યુઝ લેટરમાં શહેરની વિવિધ સ્કુલોના સંયોજન થકી ભવિષ્યના અંકોનું પ્રકાશન કરવાનું આયોજન છે. સદર ન્યુઝ લેટર ગુજરાતી તથા અંગ્રેજી ભાષામાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

TOP

વધુમાં સુરત મહાનગરપાલિકા તથા સુરતની " દ્રષ્ટિકોણ" સંસ્થાના સંયુકત ઉપક્રમે સુરત શહેરના વિવિધ મિજાજ દર્શાવતા ૭૦ જેટલા ફોટોગ્રાફર્સના ૧૬૪ ફોટોગ્રાફસનું પ્રદર્શન " આ છે સુરત" થીમ આધારિત પ્રદર્શિત કરવામાં આવ્યા છે. સદર પ્રદર્શન માટે એક અઠવાડિયા અગાઉ ઓનલાઈન માધ્યમથી ફોટોગ્રાફસ મંગાવવામાં આવ્યા હતા, જેમાં પ્રચંડ પ્રતિસાદ સાંપડેલ તથા ૧૨૦૦ થી પણ વધુ ફોટોગ્રાફસની અરજીઓ આવી હતી. જેમાંથી પસંદગી સમિતિ ધ્વારા પસંદગી પામેલ ૧૬૪ ફોટોગ્રાફસનું અત્રે પ્રદર્શન ગોઠવવામાં આવ્યું છે.

સદર પ્રદર્શનનો જાહેર જનતા માટે વિના મૂલ્યે નિહાળી શકશે, જેનો બહોળા પ્રમાણમાં લાભ લેવા વિનંતી.

**પ્રદર્શનનો સમય**

| | |
|---|---|
| તા.૧૫ થી ૧૭ મે ૨૦૧૫ : | સવારે ૯ઃ૩૦ થી રાત્રે ૮ઃ૦૦ કલાક સુધી |
| તા.૧૯ થી ૨૨ મે ૨૦૧૫ : | સવારે ૯ઃ૩૦ થી સાંજે ૪ઃ૩૦ કલાક સુધી |
| તા.૨૩ અને ૨૪ મે ૨૦૧૫ : | સવારે ૯ઃ૩૦ થી સાંજે ૬ઃ૩૦ કલાક સુધી |

**તા.૧૮ મે ૨૦૧૫, સોમવારના રોજ પ્રદર્શન જાહેર જનતા માટે બંધ રહેશે.**

TOP

## પ્રેસનોટ

### ૧૫મી મે સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી 'સુરતોત્સવ'

૧૫મી મે, સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિનની ઉજવણી "સુરતોત્સવ" અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા લોકભાગીદારીથી તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન ભવ્યાતિભવ્ય વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ત્યારે તા.૧૬/૦૫/૨૦૧૫ના રોજ સુધરાઈ સ્થાપનાના બીજા દિવસે સવારે ૬.૩૦ કલાકે હેરીટેજ વોકનું આયોજન ડચ સીમેટ્રી કતારગામથી કિલ્લાના ચોક સુધી કરવામાં આવ્યું હતું. શહેરની ઐતિહાસિક વિરાસત સમી ઈમારતોને ભવ્ય રીતે શણગારવામાં આવી હતી.





જેની જૂની સ્મૃતિઓને વાગોળતા શહેરના પ્રથમ નાગરિક મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ હેરીટેજ વોકની શરૂઆત ડચ સીમેટ્રી, કતારગામથી લીલી ઝંડી ફરકારવી કરવામાં આવી હતી. આ હેરીટેજ વોકમાં જોડાયેલ ૬૦૦થી વધુ વ્યકિતોઓને કેપ આપવામાં આવી હતી. હેરીટેજ વોકના રૂટમાં ઠેરઠેર પીવાના પાણી તથા લીંબુપાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. જે મહાનગરપાલિકાની મુખ્ય કચેરી થઈ ચોકમાં આવેલ કિલ્લાના મેદાને સમાપન થયું હતું. ચોકમાં કિલ્લાના મેદાન ખાતે હેરીટેજ વોકના સમાપન સ્થળે નાટ્યવિદ શ્રી યઝદી કરંજીયાએ મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા અને અન્ય મહાનુભાવોનની ઉપસ્થિતિમાં 'સ્વચ્છ ભારત' અભિયાન અંતર્ગત શપથ લેવાડાવ્યા હતા. હેરીટેજ વોકના પ્રસ્થાન અને સમાપન સ્થળે ઉપસ્થિત તમામ નગરજનોએ સ્વચ્છતાના સૂત્રો સાથે હસ્તાક્ષર કર્યા હતા. આ હેરીટેજ વોક અને સુતરાંજલી કાર્યક્રમમાં મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, ગુજરાત હાઉસિંગ બોર્ડના ચેરમેનશ્રી વિવેકભાઈ પટેલ, ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, સુરતોત્સવ' ઉજવણી અને અભિવાદન સમિતિના સભ્યશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા.

TOP

## પ્રેસનોટ

## ૧૫મી મે સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી 'સુરતોત્સવ'



૧૫મી મે, સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિનની ઉજવણી ''સુરતોત્સવ'' અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા લોકભાગીદારીથી તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન ભવ્યાતિભવ્ય વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ત્યારે તા.૧૬/૦૫/૨૦૧૫ના રોજ સુધરાઈ સ્થાપનાના બીજા દિવસે સવારે ૬.૩૦ કલાકે ઐતિહાસિક વિરાસતની જૂની સ્મૃતિઓને વાગોળતા ડચ સિમેન્ટ્રી, કતારગામથી શરૂ થયેલ હેરીટેજ વોકના કિલ્લાના મેદાન ચોક ખાતે સમાપન બાદ સવારે ૮.૧૫ કલાકે ચોકમાં આવેલ પૂજય મહાત્મા ગાંધીજીની પ્રતિમાને મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ સુતરની આંટી પહેરાવી વંદના કરી હતી. પૂજય મહાત્મા ગાંધીજીના સુતરાંજલી અર્પણ કાર્યક્રમમાં ગુજરાત હાઉસિંગ બોર્ડના ચેરમેનશ્રી વિવેકભાઈ પટેલ, ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, સુરતોત્સવ' ઉજવણી અને અભિવાદન સમિતિના સભ્યશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ અને નગરજનો મોટી સંખ્યામાં સુતરાંજલી અર્પણ સાથે વંદના કાર્યક્રમમાં સામેલ થયા હતા.

TOP

## પ્રેસનોટ

## ૧૫મી મે સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી 'સુરતોત્સવ'

૧૫મી મે, સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિનની ઉજવણી ''સુરતોત્સવ'' અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા લોકભાગીદારીથી તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન ભવ્યાતિભવ્ય વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ત્યારે તા.૧૬/૦૫/૨૦૧૫ના રોજ સુધરાઈ સ્થાપનાના બીજા દિવસે સવારે ૬.૩૦ કલાકે બાળકોની સ્કેટીંગ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.





સુરત સુધરાઈના સ્થાપના દિનની ઉજવણીમાં બાળકોને પણ આવરી લઈને યોજવામાં આવેલી 'સ્કેટીંગ રેલી'માં તમામ પાર્ટીસીપન્ટો અને સ્કેટીંગના કોચને ટીશર્ટ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સ્કેટીંગ રેલીના પ્રસ્થાન સ્થળે મ્યુનિસિપલ કમિશનરશ્રી મિલિન્દ તોરવણે,આઈ.એ.એસ.એ 'સ્વચ્છ ભારત' અભિયાન અંતર્ગત સ્વચ્છતાના શપથ લેવડાવ્યા બાદ ઉપસ્થિત મહાનુભાવોએ લીલીઝંડી ફરકાવી 'સ્કેટીંગ રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. ઉપસ્થિત તમામ નગરજનોએ સ્વચ્છતાના સૂત્રો સાથે હસ્તાક્ષર કર્યા હતા. યુનિક હોસ્પીટલથી ખરવર નગર જંકશન સુધી  (ખચતક રૂટ) ૧.૫ કિલોમીટરની આ બાળકોની સ્કેટીંગ રેલીમાં ૩૩૫ બાળકો અને ૨૦ જેટલા સ્કેટીંગ કોચને શહેરના નગરજનોએ પ્રોત્સાહીત કર્યા હતા. સ્કેટીંગ રેલીના રૂટ ઉપર પીવાના પાણી સાથે લીંબુપાણીની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સ્કેટીંગ રેલીમાં ધારાસભ્યશ્રીમતી સંગીતાબેન પાટીલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, મ્યુનિસિપલ કમિશનરશ્રી મિલિન્દ તોરવણે,આઈ.એ.એસ., શાસકપક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, સુરતોત્સવ' ઉજવણી અને અભિવાદન સમિતિના સભ્યશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ અને નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્કેટીંગ રેલીના બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

TOP

## પ્રેસનોટ

## ૧૫મી મે સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી 'સુરતોત્સવ'

૧૫મી મે, સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિનની ઉજવણી ''સુરતોત્સવ'' અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા લોકભાગીદારીથી તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન ભવ્યાતિભવ્ય વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તા.૧૫/૦૫/૨૦૧૫ના રોજ સાંજે ૬ કલાકે ડી.આર.બી.પાર્ટી પ્લોટ, વેસુ ખાતે 'સુગમ સંગીત'નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સુધરાઈ સ્થાપનાના દિનની સુવર્ણમયી સંધ્યાએ શિક્ષણ(પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ) ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ, અન્ન–નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતો, વૈધાનિક અને સંસદીય બાબતોના મા.મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની વિશેષ ઉપસ્થિતિમાં મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ અન્ય ઉપસ્થિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપપ્રાગ્ટ્યથી શરૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહાનુભાવોને અને સંગીત સમારોહના કલાકારો સર્વશ્રી પાર્થિવ ગોહીલ, ભૂમિ ત્રિવેદી, ગાર્ગી વોરા, સાધના સરગમ, અમન લેખડીયા, ભુપેન્દ્રસીંગ, મિતાલીને પ્રશસ્થિપત્ર અને મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યા હતા.





સુરત સુધરાઈ સ્થાપના દિનની સાંજે ગુજરાત અને સુરતના જાણીતા ગાયક કલાકારો અને ગઝલ ગાયકોએ ગુજરાતી ગીત અને ગઝલો સાથે મહેફીલ જમાવી હતી. સાધના સરગમ, પાર્થિવ ગોહીલ, અમન લેખડીયાએ હિન્દી ફિલ્મી ગીતો, ભુપેન્દ્રસીંગ–મિતાલીએ ગાયેલા ગુજરાતી ગીતોએ રંગત જમાવી હતી. પાર્થિવ ગોહીલ અને ભુમિ ત્રિવેદી, અમન લેખડીએ ગાયેલા ગીતોએ નવયુવાનોને ડોલાવ્યા હતા. જયારે તમામ કલાકારોએ ગાયેલી મેલડીમાં ઉપસ્થિત સૌએ મઝા માણી હતી. આ કાર્યક્રમમાં મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ 'સ્વચ્છ ભારત' અભિયાન અંતર્ગત સ્વચ્છતાના શપથ લેવડાવ્યા હતા. સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સ્વચ્છતાના સૂત્રો સાથે હસ્તાક્ષર અભિયાન હાથ ધરાયું હતુ. આ સંગીત સમારોહના કાર્યક્રમમાં સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોષ, ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શ્રીમતી સંગીતાબેન પાટીલ, ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, મ્યુનિસિપલ કમિશનરશ્રી મિલિન્દ તોરવણે,આઈ.એ.એસ., કલેકટરશ્રી ડો.રાજેન્દ્ર કુમાર,આઈ.એ.એસ., શાસકપક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, સુરતોત્સવ' ઉજવણી અને અભિવાદન સમિતિના સભ્યશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ અને નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ કાર્યક્રમને માણ્યો હતો.

TOP

## પ્રેસનોટ

## ૧૫મી મે સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી 'સુરતોત્સવ'

૧૫મી મે, સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિનની ઉજવણી ''સુરતોત્સવ'' અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા લોકભાગીદારીથી તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન ભવ્યાતિભવ્ય વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે અને આ કાર્યક્રમોને શહેરના ઉત્સવપ્રેમી નગરજનો માણી રહ્યા છે. ત્યારે આ ભવ્ય ઉજવણી અંતર્ગત તા.૧૭/૦૫/૨૦૧૫ના રોજ સવારે ૬.૩૦ કલાકે હીરાબાગ સર્કલ થી સરદાર ચોક, વરાછા સુધી 'રન ફોર સુરત'નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં 'સ્વચ્છ ભારત' અભિયાન અંતર્ગત શપથ લેવડાવી સ્વચ્છતાના સૂત્રો સાથે હસ્તાક્ષર અભિયાન હાથ ધરાશે. બાદમાં સવારે ૮.૧૫ કલાકે સરદાર ચોક, વરાછા ખાતે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કરવામાં આવશે.

આ ઉજવણીમાં સુરત સુધરાઈ સ્થાપના દિનની ઉજવણીએ સુરતના તેજ રફતાર વિકાસના શિલ્પી તથા સાક્ષી એવા સુરત શહેરના ભૂતપૂર્વ મેયરશ્રીઓ અને સુરત મહાનગરપાલિકામાં સેવા બજાવી ગયેલ કમિશનરશ્રીઓને સંજીવકુમાર ઓડિટોરીયમ ખાતે તા.૧૭/૦૫/૨૦૧૫ના રોજ સવારે ૧૦ કલાકે આદરણીય મહામહિમ રાજપાલશ્રી ઓમપ્રકાશ કોહલીની પ્રેરક ઉપસ્થિતિમાં અભિવાદિન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

જયારે ૧૭ મી ના રોજ  સાંજે ૬ કલાકે ડી.આર.બી. પ્લોટ, વેસુ ખાતે લોકનૃત્ય/નૃત્ય નાટિકામાં ગુજરાતના શ્રેષ્ઠ નૃત્ય અભ્યાસુ જોરાવરસિંહ જાદવ તથા સો જેટલા કલાકારો અદભૂત લોકનૃત્યોનું પ્રદર્શન કરશે. કાર્યક્રમ સ્થળે આવવા–જવા માટે અલગ અલગ સ્થળોએથી રાઉન્ડધી કલોક સીટી બસની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

આ પ્રસંગે તા.૧૭/૦૫/૨૦૧૫ સુધી સવારે ૮ થી રાત્રે ૯ કલાક દરમ્યાન સાયન્સ સેન્ટર, સીટીલાઈટ રોડ ખાતે સુરત શહેરની ઐતિહાસિક ધરોહરની ઝાંખી કરાવતા પ્રોજેકટો, ફોટોગ્રાફસ અને રંગોળી પ્રદર્શન તથા 'સ્વચ્છ ભારત' અભિયાન અંતર્ગત સ્વચ્છતાના સૂત્રો સાથે હસ્તાક્ષરનું આયોજન કરવામાં આવેલ છે. આ તમામ કાર્યક્રમોમાં સહભાગી થવા નગરજનોને હાર્દિક નિમંત્રણ છે.

TOP

## પ્રેસનોટ

## ૧૫મી મે સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી 'સુરતોત્સવ'

૧૫મી મે, સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિનની ઉજવણી ''સુરતોત્સવ'' અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા લોકભાગીદારીથી તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન ભવ્યાતિભવ્ય વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ત્યારે તા.૧૬/૦૫/૨૦૧૫ના રોજ સુધરાઈ સ્થાપનાના બીજા દિવસે સવારે ૬.૩૦ કલાકે યુનિક હોસ્પીટલથી ખરવર નગર જંકશન સુધી (ખચતક રૂટ) ૧.૫ કિલો મીટર બાળકો યોજાયેલ સ્કેટીંગ રેલીના સમાપન બાદ સવારે ૮.૧૫ કલાકે રીંગરોડ માનદરવાજા સ્થિત ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વિશ્વવિભૂતિ–મહામાનવ, ભારત રત્ન અને ભારતીય બંધારણના ઘડવૈયા ''સમતા''ના સિધ્ધાંત પર વિશ્વશાંતિ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન આપનાર પ્રખર રાષ્ટ્રપુરૂષ, દેશના પ્રથમ કાયદામંત્રી વિદ્વાન કાયદાશાસ્ત્રી–અર્થશાસ્ત્રી, તત્વજ્ઞાની, ઈતિહાસવિદ, પ્રખરવકતા–લેખક એવા મહામાનવ ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ધારાસભ્યશ્રીમતી સંગીતાબેન પાટીલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, મ્યુનિસિપલ કમિશનરશ્રી મિલિન્દ તોરવણે,આઈ.એ.એસ., શાસકપક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, સુરતોત્સવ' ઉજવણી અને અભિવાદન સમિતિના સભ્યશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ અને નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સુતરની આંટી પહેરાવી વંદના કરી હતી.

TOP

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

તા.૧૬.૦૫.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૪૦ ફાઈલના રૂા.૮.૩૫ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૫ લોકેશન(ખાડા)૨૫૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૧૬.૯૦૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. કુલ–૦૭ લોકેશન(ખાડા) ૨૫૦.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૮ લોકેશન ૧૬૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા આઈ.સી.નાણાં પેટે રૂા.૫૦૩/– વસુલ લેવામાં આવેલ આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૨૫ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૮૦ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક  રૂા.૪.૪૯ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક  રૂા.૧૧.૪૫ લાખ થયેલ છે.,૧૨  ભહ તથા ૧૧  ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૮૬૯/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૪૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૪૮ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૯ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૨૯૮ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૭ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૭૧.૧૪૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૨૪ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૨૨૦૦/–છેતથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૯૩૧૮  ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૧૯૭૭૫ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૪૪ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ૧૨૯૧  કરવામાં આવેલ છે. જયારે ૧૯ નોટીસ આપવામાં આવેલ છે.

**TOP**

## પ્રેસનોટ
## નોર્થ ઝોન (કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૫/૦૫/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૯ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૩૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૦૨૬/– વસુલ લેવામાં આવેલ છે. ૪૧ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૭૯૧૪ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૩૪૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૨૫ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૧૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૧,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.





આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૧૨ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૫,૧૪,૯૩૩/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૫૨ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૫ એન્ટ્રીમાં રૂા.૩૫,૬૨૫/– અને આર.સી.ની ૩૭ એન્ટ્રીમાં રૂા.૧૨,૭૪,૧૬૬/– મળી કુલ રૂા.૧૩,૦૯,૭૯૧/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૮ એન્ટ્રીમાં રૂા.૨૨૦/–, રીન્યુઅલની ૦૩ એન્ટ્રીમાં રૂા.૧૬૦/– અને દંડની રકમની ૦૩ એન્ટ્રીમાં રૂા.૪૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૨ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૬ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૧૩ ફાઈલોના રૂા.૪,૨૫,૭૩૮/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૧,૩૩,૫૨૦/–, મિલ્કત ભાડાના રૂા.૯,૪૯૨/–, મંડપ ચાર્જના રૂા.૮૪૫/–, દબાણ ચાર્જના રૂા.૬,૧૫૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૪૦૦/– મળી કુલ રૂા.૧,૫૦,૪૦૭/– ની વસુલાત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

## ભૂતપૂર્વ મેયરશ્રીઓ અને મ્યુનિસિપલ કમિશનરશ્રીઓનો અભિવાદન સમારોહ

૧૫મી મે, સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિનની ઉજવણી ''સુરતોત્સવ'' અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા લોકભાગીદારીથી તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન ભવ્યાતિભવ્ય વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે અને આ કાર્યક્રમોને શહેરના ઉત્સવપ્રેમી નગરજનો માણી રહ્યા છે. ત્યારે આ ભવ્ય ઉજવણી અંતર્ગત તા.૧૭/૦૫/૨૦૧૫ના રોજ સવારે ૧૧ કલાકે સંજીવકુમાર ઓડિટોરીયમ ખાતે આદરણીય મહામહિમ રાજયપાલશ્રી ઓમપ્રકાશ કોહલીની પ્રેરક ઉપસ્થિતિમાં ભૂતપૂર્વ મેયરશ્રીઓ અને મ્યુનિસિપલ કમિશનરશ્રીઓનો અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. નિયત સમયે આદરણીય મહામહિમ રાજયપાલશ્રી ઓમપ્રકાશ કોહલીના આગમન સાથે કાર્યક્રમની શરૂઆત ગણેશવંદના સાથે દિપપ્રાગ્ટયથી કરી હતી. મ્યુનિસિપલ કમિશનરશ્રીએ ૧૫મી મે સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિન ઉજવણી 'સુરતોત્સવ' અંતર્ગત આ ઐતિહાસિક શુભ અવસરમાં તમામને આવકાર્યા બાદ જણાવ્યું હતું કે, જેઓના સબળ નેતૃત્વ થકી સુરત આજે આકાશની ઊંચાઈને આંબી રહ્યું છે તેઓના અભિવાદન સાથે સુરત દેશમાં જ નહીં પણ વિશ્વમાં પણ એક આગવી ઓળખ ઉભી કરી છે. સ્વાગત પ્રવચન બાદ મંચસ્થા મહાનુભાવો, સાંસદશ્રી, ધારાસભ્યશ્રીઓ, સુરતમહાનગરપાલીકાના પદાધિકારીશ્રીઓ, 'સુરતોત્સવ' અભિવાદન સમિતિના સભ્યશ્રીઓનું પુષ્પગુચ્છથી સન્માન કર્યુ હતું.માજી મેયરશ્રી ચીમનભાઈ પટેલએ તેમના જુના સંસ્મરણો યાદ કરતાં સુરત શહેરને નંદનવન બનાવવા આપણે સૌ સાથે મળીને કાર્યરત થવા ઉપરાંત તાપી નદીનું ડ્રેજીંગ થાય તેમ જણાવ્યું હતું. ભૂતપૂર્વ મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સ્નેહ, સંપ, સદ્દભાવ અને સહકારની ભાવનાથી જીવનને માણતા આ ઉદ્યમી અને મહેનતુ સુરતીજનો ગમેતેવા કપરા પરિસ્થિતિમાંથી બેઠા થવાના ગુણોને બિરદાવી સુરત શહેર ઉત્તરોત્તર પ્રગતિ કરી આગળ આવે તેવી શુભેચ્છા પાઠવી હતી. માજી મેયરશ્રી ફકીરભાઈ ચૌહાણએ સુરત શહેરને પ્રગતિના પંથે દોરી જનારાઓના ઋણસ્વીકારનો સુરત મહાનગરપાલિકાનો આ કાર્યક્રમ સરાહનીય છે. અને 'સ્વચ્છતા સાથે શહેરને સ્માર્ટ સીટી બનાવવા આપણે સૌએ સંકલ્પ લેવો જોઈએ. ભૂતપૂર્વ કમિશનરશ્રી એસ. જગદીશનએ તેમના કાર્યકાળના પ્રથમ પ્રવેશ સુરતમાં જ થવાના ઉલ્લેખ સાથે જણાવ્યં હતું કે ગમેતેવી કપરી પળોમાં પણ સુરત મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને વહીવટી વિભાગના સંકલન અને સહકારીતા સાથે કામ કરે તે એક આદર્શ મહાનગરપાલિકા બને તે સુરતે કરી બતાવ્યું છે. માજી મેયર ડો.કનુભાઈ માવાણીએ સુરત એક એવું શહેર છે જે આફતને અવસરમાં પલટી નાખે છે. ભૂતપૂર્વ કમિશનર અને હાલના અર્બન ડેવલોપમેન્ટ અને અર્બન હાઉસીંગ ડેવલોપમેન્ટ સચિવાલય, ગાંધીનગરના એડી.ચીફ સેક્રેટરીશ્રી જી.આર.અલોરીયાએ સુરતએ સૌથી ફાસ્ટેટ ડેવલોપમેન્ટ સીટી તરીકેની પરંપરાને જાળવી રાખી છે તેની સરાહના કરી હતી. શહેરના પ્રથમ નાગરિક એવા મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ બીજમાંથી વટવૃક્ષ બનાવવા જેમણે સીંચન કર્યુ છે, જેમણે પ્રેરણા અને હૂંફ આપી છે, તેવા તમામ માજી મેયરશ્રીઓ અને ભૂતપૂર્વ કમિશનરશ્રીઓના અભિવાદન સાથે જેઓ અત્રે ઉપસ્થિત રહી શકયા નથી તેવા તમામને તેઓના સન્માનપત્રો, મોમેન્ટો અને શાલ બાઅદબ, પૂરતા વિવેક સાથે તેઓને પહોંચાડવામાં આવશે તેમ જણાવ્યું હતું. આદરણીય મહામહિમ રાજયપાલશ્રી ઓમપ્રકાશ કોહલીએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે સુરત એક એવું શહેર છે કે જયાંના લોકો બહારથી આવનારને ઉદારતા સાથે પોતાનામાં સમાવ્યા છે અને તેઓને તમામ માળખાકીય સુવિધાઓ પૂરી પાડી છે. વિકાસમાં અવરોધ રૂપ બનતી આફતોને અવસરમાં પલટાવવાની કળા જેનામાં છે તે આ વીર કવિ નર્મદનું આ સુરત શહેર છે. સુરત મહાનગરપાલિકાના ઋણસ્વીકાર કાર્યક્રમ યોજવા બદલ અભિનંદન આપ્યા હતા.

TOP

ઉપસ્થિત માજી મેયરશ્રી ચીમનભાઈ પટેલ, શ્રી કદીર કે. પીરઝાદા, શ્રી પ્રતાપસિંગ કંથારીયા, શ્રી અજીતભાઈ દેસાઈ, શ્રી ફકીરભાઈ ચૌહાણ, શ્રી ગીતાબેન દેસાઈ, શ્રી નવનીતલાલ જરીવાલા, શ્રી સવિતાબેન શારદા, શ્રી ભીખાભાઈ પટેલ, શ્રી સ્નેહલતાબેન ચૌહાણ, ડો.કનુભાઈ માવાણી, શ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, માજી મેયર અને હાલના ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા તથા ભૂતપૂર્વ કમિશનરશ્રી મુસા રજા, શ્રી કે.જી.રામનાથન, શ્રી એસ.સી.હલદર, શ્રી અશોક ભાટીયા, શ્રી પ્રબીર બાસુ, શ્રી એસ.જગદીશન અને ભૂતપૂર્વ કમિશનર અને હાલના અર્બન ડેવલોપમેન્ટ અને અર્બન હાઉસીંગ ડેવલોપમેન્ટ સચિવાલય, ગાંધીનગરના એડી.ચીફ સેક્રેટરીશ્રી જી.આર.અલોરીયાને આદરણીય મહામહિમ રાજયપાલશ્રી ઓમપ્રકાશ કોહલીના વરદહસ્તે શાલ ઓઢાડી સમ્માનપત્ર અને સ્મૃતિભેટ એનાયત કરવામાં આવ્યા હતા. અંતમાં સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહે આ ગૌરવવંતા સમારોહમાં ઉપસ્થિત રહેવા બદલ સૌનો આભાર માન્યો હતો.

આ સમારોહમાં આદરણીય મહામહિમ રાજયપાલશ્રી ઓમપ્રકાશ કોહલી, મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, ગુજરાત હાઉસીંગ બોર્ડના ચેરમેનશ્રી વિવેકભાઈ પટેલ, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોષ, ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, શ્રી હર્ષ સંઘવી, શ્રીમતી સંગીતાબેન પાટીલ, શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયા, ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, મ્યુનિસિપલ કમિશનરશ્રી મિલિન્દ તોરવણે,, શાસકપક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, વિરોધ પક્ષનેતાશ્રી ભુપેન્દ્રભાઈ સોલંકી, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, સુરતોત્સવ' ઉજવણી અને અભિવાદન સમિતિના સભ્યશ્રીઓ, પ્રિન્ટ અને ઈલેટ્રોનિક મીડીયાના પ્રતિનિધિશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ અને નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ સન્માન સમારોહમાં સહભાગી થયા હતા.

TOP

## પ્રેસનોટ
## 'રન ફોર સુરત'

૧૫મી મે, સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિનની ઉજવણી "સુરતોત્સવ" અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા લોકભાગીદારીથી તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન ભવ્યાતિભવ્ય વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે અને આ કાર્યક્રમોને શહેરના ઉત્સવપ્રેમી નગરજનો માણી રહ્યા છે. ત્યારે આ ભવ્ય ઉજવણી અંતર્ગત તા.૧૭/૦૫/૨૦૧૫ના રોજ સવારે ૬.૩૦ કલાકે હીરાબાગ સર્કલ થી સરદાર ચોક, વરાછા સુધી 'રન ફોર સુરત'નું આયોજન કરવામાં આવ્યું હતું. મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાની ઉપસ્થિતમાં ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયાએ 'સ્વચ્છ ભારત' અભિયાન અંતર્ગત શપથ લેવડાવી સ્વચ્છતાના સૂત્રો સાથે ૧ કિલોમીટર જેટલા કાપડ ઉપર હસ્તાક્ષર લેવામાં આવ્યા હતા. ઉપસ્થિત તમામ મહાનુભાવોએ લીલી ઝંડી ફરકાવી હીરાબાગ સર્કલથી 'રન ફોર સુરત'ને પ્રસ્થાન કરાવ્યું હતું. સુરત સધરાઈની સ્થાપન અંતર્ગત યોજાયેલ આ 'રન ફોર સુરત'માં ૨૫૦૦ જેટલા દોડવીરોએ પ્રસ્થાન સ્થળેથી આપવામાં આવેલ ટી–શર્ટ પહેરીને ઉમંગભેર ભાગ લીધો હતો. હીરાબાગ સર્કલથી સરદાર ચોક સુધી ઠેરઠેર પીવાના પાણી સાથે લીંબુપાણીની પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ રન ફોર સુરતનું ૧.૫ કિલોમીટરના અંતરે સરદાર ચોક સમાપન થયું હતુ. જયાં પ્રખર રાષ્ટ્રભકત અને અખંડભારતના શીલ્પી એવા સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને સુતરાંજલી અપર્ણ કરવામાં આવી હતી.

આ 'રન ફોર સુરત'માં મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, ગુજરાત હાઉસીંગ બોર્ડના ચેરમેનશ્રી વિવેકભાઈ પટેલ, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોષ, ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, શ્રી કિશોરભાઈ કાનાણી, ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, મ્યુનિસિપલ કમિશનરશ્રી મિલિન્દ તોરવણે,આઈ.એ.એસ., શાસકપક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, સુરતોત્સવ' ઉજવણી અને અભિવાદન સમિતિના સભ્યશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ અને નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભાગ લેનાર દોડવીરોનો ઉત્સાહ વધાર્યો હતો.

TOP

પ્રેસનોટ

નોર્થ ઝોન (કતારગામ)

સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૬/૦૫/૨૦૧૫ થી ૧૭/૦૫/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૫૨૮ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૭૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૪૬૩/– વસુલ લેવામાં આવેલ છે. ૭૬ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૮૮૪૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૪૪ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૨૫ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૧૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૪૨ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૨,૮૭,૨૧૭/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૨૦ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૦૯ એન્ટ્રીમાં રૂા.૧૮,૮૫૦/– અને આર.સી.ની ૧૧ એન્ટ્રીમાં રૂા.૪૮,૨૪૦/– મળી કુલ રૂા.૬૭,૦૯૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૭ એન્ટ્રીમાં રૂા.૨૨૦/–, રીન્યુઅલની ૦૭ એન્ટ્રીમાં રૂા.૩૮૦/– અને દંડની રકમની ૦૪ એન્ટ્રીમાં રૂા.૧,૧૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૭ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૪ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૧૪ ફાઈલોના રૂા.૧,૦૧,૬૯૦/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૯૨,૩૬૫/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧,૪૦૦/– મળી કુલ રૂા.૯૩,૭૬૫/– ની વસુલાત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

## ભૂતપૂર્વ મેયરશ્રીઓ અને મ્યુનિસિપલ કમિશનરશ્રીઓનો અભિવાદન સમારોહ

૧૫મી મે, સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિનની ઉજવણી "સુરતોત્સવ" અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા લોકભાગીદારીથી તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન ભવ્યાતિભવ્ય વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે અને આ કાર્યક્રમોને શહેરના ઉત્સવપ્રેમી નગરજનો માણી રહ્યા છે. ત્યારે આ ભવ્ય ઉજવણી અંતર્ગત તા.૧૭/૦૫/૨૦૧૫ના રોજ સવારે ૧૧ કલાકે સંજીવકુમાર ઓડિટોરીયમ ખાતે આદરણીય મહામહિમ રાજયપાલશ્રી ઓમપ્રકાશ કોહલીની પ્રેરક ઉપસ્થિતિમાં ભૂતપૂર્વ મેયરશ્રીઓ અને મ્યુનિસિપલ કમિશનરશ્રીઓનો અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. નિયત સમયે આદરણીય મહામહિમ રાજયપાલશ્રી ઓમપ્રકાશ કોહલીના આગમન સાથે કાર્યક્રમની શરૂઆત ગણેશવંદના સાથે દિપપ્રાગ્ટયથી કરી હતી.




મ્યુનિસિપલ કમિશનરશ્રીએ ૧૫મી મે સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિન ઉજવણી 'સુરતોત્સવ' અંતર્ગત આ ઐતિહાસિક શુભ અવસરમાં તમામને આવકાર્યા બાદ જણાવ્યું હતું કે, જેઓના સબળ નેતૃત્વ થકી સુરત આજે આકાશની ઊંચાઈને આંબી રહ્યું છે તેઓના અભિવાદન સાથે સુરત દેશમાં જ નહીં પણ વિશ્વમાં પણ એક આગવી ઓળખ ઉભી કરી છે. સ્વાગત પ્રવચન બાદ મંચસ્થા મહાનુભાવો, સાંસદશ્રી, ધારાસભ્યશ્રીઓ, સુરતમહાનગરપાલીકાના પદાધિકારીશ્રીઓ, 'સુરતોત્સવ' અભિવાદન સમિતિના સભ્યશ્રીઓનું પુષ્પગુચ્છથી સન્માન કર્યુ હતું.માજી મેયરશ્રી ચીમનભાઈ પટેલએ તેમના જુના સંસ્મરણો યાદ કરતાં સુરત શહેરને નંદનવન બનાવવા આપણે સૌ સાથે મળીને કાર્યરત થવા ઉપરાંત તાપી નદીનું ડ્રેજીંગ થાય તેમ જણાવ્યું હતું. ભૂતપૂર્વ મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સ્નેહ, સંપ, સદ્દભાવ અને સહકારની ભાવનાથી જીવનને માણતા આ ઉદ્યમી અને મહેનતુ સુરતીજનો ગમેતેવા કપરા પરિસ્થિતિમાંથી બેઠા થવાના ગુણોને બિરદાવી સુરત શહેર ઉત્તરોત્તર પ્રગતિ કરી આગળ આવે તેવી શુભેચ્છા પાઠવી હતી. માજી મેયરશ્રી ફકીરભાઈ ચૌહાણએ સુરત શહેરને પ્રગતિના પંથે દોરી જનારાઓના ઋણસ્વીકારનો સુરત મહાનગરપાલિકાનો આ કાર્યક્રમ સરાહનીય છે. અને 'સ્વચ્છતા સાથે શહેરને સ્માર્ટ સીટી બનાવવા આપણે સૌએ સંકલ્પ લેવો જોઈએ. ભૂતપૂર્વ કમિશનરશ્રી એસ. જગદીશનએ તેમના કાર્યકાળના પ્રથમ પ્રવેશ સુરતમાં જ થવાના ઉલ્લેખ સાથે જણાવ્યું હતું કે ગમેતેવી કપરી પળોમાં પણ સુરત મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને વહીવટી વિભાગના સંકલન અને સહકારીતા સાથે કામ કરે તે એક આદર્શ મહાનગરપાલિકા બને તે સુરતે કરી બતાવ્યું છે. માજી મેયર ડો.કનુભાઈ માવાણીએ  સુરત એક એવું શહેર છે જે આફતને અવસરમાં પલટી નાખે છે. ભૂતપૂર્વ કમિશનર અને હાલના અર્બન ડેવલોપમેન્ટ અને અર્બન હાઉસીંગ ડેવલોપમેન્ટ સચિવાલય, ગાંધીનગરના એડી.ચીફ સેક્રેટરીશ્રી જી.આર.અલોરીયાએ સુરતએ સૌથી ફાસ્ટેટ ડેવલોપમેન્ટ સીટી તરીકેની પરંપરાને જાળવી રાખી છે તેની સરાહના કરી હતી. શહેરના પ્રથમ નાગરિક એવા મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ બીજમાંથી વટવૃક્ષ બનાવવા જેમણે સીંચન કર્યુ છે, જેમણે પ્રેરણા અને હૂંફ આપી છે, તેવા તમામ માજી મેયરશ્રીઓ અને ભૂતપૂર્વ કમિશનરશ્રીઓના અભિવાદન સાથે જેઓ અત્રે ઉપસ્થિત રહી શકયા નથી તેવા તમામને તેઓના સન્માનપત્રો, મોમેન્ટો અને શાલ બાઅદબ, પૂરતા વિવેક સાથે તેઓને પહોંચાડવામાં આવશે તેમ જણાવ્યું હતું. આદરણીય મહામહિમ રાજયપાલશ્રી ઓમપ્રકાશ કોહલીએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે સુરત એક એવું શહેર છે કે

જયાંના લોકો બહારથી આવનારને ઉદારતા સાથે પોતાનામાં સમાવ્યા છે અને તેઓને તમામ માળખાકીય સુવિધાઓ પૂરી પાડી છે. વિકાસમાં અવરોધ રૂપ બનતી આફતોને અવસરમાં પલટાવવાની કળા જેનામાં છે તે આ વીર કવિ નર્મદનું આ સુરત શહેર છે. સુરત મહાનગરપાલિકાના ઋણસ્વીકાર કાર્યક્રમ યોજવા બદલ અભિનંદન આપ્યા હતા.

ઉપસ્થિત માજી મેયરશ્રી ચીમનભાઈ પટેલ, શ્રી કદીર કે. પીરઝાદા, શ્રી પ્રતાપસિંગ કંથારીયા, શ્રી અજીતભાઈ દેસાઈ, શ્રી ફકીરભાઈ ચૌહાણ, શ્રી ગીતાબેન દેસાઈ, શ્રી નવનીતલાલ જરીવાલા, શ્રી સવિતાબેન શારદા, શ્રી ભીખાભાઈ પટેલ, શ્રી સ્નેહલતાબેન ચૌહાણ, ડો.કનુભાઈ માવાણી, શ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, માજી મેયર અને હાલના ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા તથા ભૂતપૂર્વ કમિશનરશ્રી મુસા રજા, શ્રી કે.જી.રામનાથન, શ્રી એસ.સી.હલદર, શ્રી અશોક ભાટીયા, શ્રી પ્રબીર બાસુ, શ્રી એસ.જગદીશન અને ભૂતપૂર્વ કમિશનર અને હાલના અર્બન ડેવલોપમેન્ટ અને અર્બન હાઉસીંગ ડેવલોપમેન્ટ સચિવાલય, ગાંધીનગરના એડી.ચીફ સેક્રેટરીશ્રી જી.આર.અલોરીયાને આદરણીય મહામહિમ રાજયપાલશ્રી ઓમપ્રકાશ કોહલીના વરદહસ્તે શાલ ઓઢાડી સમ્માનપત્ર અને સ્મૃતિભેટ એનાયત કરવામાં આવ્યા હતા. અંતમાં સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહે આ ગૌરવવંતા સમારોહમાં ઉપસ્થિત રહેવા બદલ સૌનો આભાર માન્યો હતો.

આ સમારોહમાં આદરણીય મહામહિમ રાજયપાલશ્રી ઓમપ્રકાશ કોહલી, મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, ગુજરાત હાઉસીંગ બોર્ડના ચેરમેનશ્રી વિવેકભાઈ પટેલ, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોષ, ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, શ્રી હર્ષ સંઘવી, શ્રીમતી સંગીતાબેન પાટીલ, શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયા, ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, મ્યુનિસિપલ કમિશનરશ્રી મિલિન્દ તોરવણે,, શાસકપક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, વિરોધ પક્ષનેતાશ્રી ભુપેન્દ્રભાઈ સોલંકી, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, સુરતોત્સવ' ઉજવણી અને અભિવાદન સમિતિના સભ્યશ્રીઓ, પ્રિન્ટ અને ઈલેટ્રોનિક મીડીયાના પ્રતિનિધિશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ અને નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ સન્માન સમારોહમાં સહભાગી થયા હતા.

TOP

## પ્રેસનોટ

## 'રન ફોર સુરત'

૧૫મી મે, સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિનની ઉજવણી ''સુરતોત્સવ'' અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા લોકભાગીદારીથી તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન ભવ્યાતિભવ્ય વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે અને આ કાર્યક્રમોને શહેરના ઉત્સવપ્રેમી નગરજનો માણી રહ્યા છે. ત્યારે આ ભવ્ય ઉજવણી અંતર્ગત તા.૧૭/૦૫/૨૦૧૫ના રોજ સવારે ૬.૩૦ કલાકે હીરાબાગ સર્કલ થી સરદાર ચોક, વરાછા સુધી 'રન ફોર સુરત'નું આયોજન કરવામાં આવ્યું હતું.





મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાની ઉપસ્થિતમાં ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયાએ 'સ્વચ્છ ભારત' અભિયાન અંતર્ગત શપથ લેવડાવી સ્વચ્છતાના સૂત્રો સાથે ૧ કિલોમીટર જેટલા કાપડ ઉપર હસ્તાક્ષર લેવામાં આવ્યા હતા. ઉપસ્થિત તમામ મહાનુભાવોએ લીલી ઝંડી ફરકાવી હીરાબાગ સર્કલથી 'રન ફોર સુરત'ને પ્રસ્થાન કરાવ્યું હતું. સુરત સધરાઈની સ્થાપન અંતર્ગત યોજાયેલ આ 'રન ફોર સુરત'માં ૨૫૦૦ જેટલા દોડવીરોએ પ્રસ્થાન સ્થળેથી આપવામાં આવેલ ટી–શર્ટ પહેરીને ઉમંગભેર ભાગ લીધો હતો. હીરાબાગ સર્કલથી સરદાર ચોક સુધી ઠેરઠેર પીવાના પાણી સાથે લીંબુપાણીની પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ રન ફોર સુરતનું ૧.૫ કિલોમીટરના અંતરે સરદાર ચોક સમાપન થયું હતુ. જયાં પ્રખર રાષ્ટ્રભકત અને અખંડભારતના શીલ્પી એવા સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને સુતરાંજલી અપર્ણ કરવામાં આવી હતી.

આ 'રન ફોર સુરત'માં મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, ગુજરાત હાઉસીંગ બોર્ડના ચેરમેનશ્રી વિવેકભાઈ પટેલ, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોષ, ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, શ્રી કિશોરભાઈ કાનાણી, ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, મ્યુનિસિપલ કમિશનરશ્રી મિલિન્દ તોરવણે,આઈ.એ.એસ., શાસકપક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, સુરતોત્સવ' ઉજવણી અને અભિવાદન સમિતિના સભ્યશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ અને નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભાગ લેનાર દોડવીરોનો ઉત્સાહ વધાર્યો હતો.

TOP

## પ્રેસનોટ

## ૧૫મી મે સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી 'સુરતોત્સવ'_

૧૫મી મે, સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિનની ઉજવણી ''સુરતોત્સવ'' અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા લોકભાગીદારીથી તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન ૪ દિવસની ભવ્યાતિભવ્ય વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. 'સુરતોત્સવ'નો છેલ્લો કાર્યક્રમ તા.૧૭/૦૫/૨૦૧૫ના રોજ સાંજે ૬.૦૦ કલાકે ડી.આર.બી.પાર્ટી પ્લોટ, વેસુ ખાતે 'લોકનૃત્ય'ના કાર્યક્રમથી સંપન્ન થયો હતો. ૧૭મી મેની સુવર્ણમયી સંધ્યાએ લોકનૃત્ય કાર્યક્રમની શરૂઆત આરતીથી થઈ હતી.





ભારતની ભાતીગળ સંસ્કૃતિની ઝાંખી કરાવતા વિવિધ લોકનૃત્યોએ ઉપસ્થિત લોકોના મનજીતી લીધાં હતાં. કાર્યક્રમના મધ્યમાં ઉપસ્થિત મહાનુભાવો અને જોરાવરસિંહ જાદવ સહિત લોકનૃત્યના કલાકારોને પુષ્પગુચ્છ અને ડ્રાયફ્રૂટથી અભિવાદિત કરવામાં આવ્યા હતા. એક એક થી ચડિયાતા લોકનૃત્યોમાં ૧૦૦ કિલોના ગુલાબના ફુલોના હોળીનૃત્યએ તમામ લોકોને પોતે હોળી રમ્યાના અહેસાસ સાથે ડોલાવ્યા હતા. ૧૫મી મે, સુરત સુધરાઈના ૧૬૪માં સ્થાપના દિનની ઉજવણી ''સુરતોત્સવ'' અંતર્ગત તા.૧૪/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમ્યાન ૪ દિવસ યોજાયેલા તમામ કાર્યક્રમોમાં યોગદાન આપનારાઓ–ડી.આર.બી.પ્લોટ ફાળવનારશ્રી વિજયભાઈ ભરવાડ, લાઈટ–સાઉન્ટના કોન્ટ્રાકટર–મોન્ટુ ઈલે., નટેશ સાઉન્ટ, બસની સર્વિસ પૂરી પાડનાર એજન્સી, સીકયુરીટી એજન્સી, મંડપ કોન્ટ્રાકટર, ડીઝાઈનીંગ કરનાર સત્યદીપ વડનેરે, શાહ પબ્લીસીટી, શિલ્પ આર્ટ, આર્ટવેલ ગ્રાફીકસ, પ્રિન્ટ મીડીયા, પોલીસ ડીપાર્ટમેન્ટ નામી અનામી સંસ્થાઓ/વ્યકિતઓ, તથા ડેસ્ટીની ગૃપ, પ્રોઈવેન્ટ સર્વિસીસ, યુ એન્ડ આઈ ઈવેન્ટ અને એએમઝેડ ઈવેન્ટ એજન્સીઓનો આ કાર્યક્રમોમાં સફળ યોગદાન બદલ આભાર માન્યો હતો. મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, ગુજરાત હાઉસીંગ બોર્ડના ચેરમેનશ્રી વિવેકભાઈ પટેલ સાંસદશ્રી સી.આર.પાટીલ, હર્ષ સંઘવી, ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, મ્યુનિસિપલ કમિશનરશ્રી મિલિન્દ તોરવણે,આઈ.એ.એસ., વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, 'સુરતોત્સવ' ઉજવણી અને અભિવાદન સમિતિના સભ્યશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ અને નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ લોકનૃત્યોને માણ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મા.મેયરશ્રી સાથે પદાધિકારીશ્રીઓ , વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓની ટીમએ એકજુથ થઈને ખૂબ જહેમત ઉઠાવી હતી.

મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ અને મ્યુનિસિપલ કમિશનરશ્રી મિલિન્દ તોરવણેએ આ તમામ કાર્યક્રમોના સફળતાપૂર્વકના આયોજન બદલ 'સુરતોત્સવ' ઉજવણી અને અભિવાદન સમિતિ, સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓને બિરદાવ્યા હતા.

TOP

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

તા.૧૮.૦૫.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૯ ફાઈલના રૂા.૮.૩૩ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૭ લોકેશન(ખાડા)૨૮૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૧૮.૬૯૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. કુલ–૦૬ લોકેશન(ખાડા) ૧૪૦.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૧૦ લોકેશન ૩૨૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા રોડ પૈકીના દબાણ હેઠળ કુલ :૧૦ લારી ગલ્લા ઉપાડવામાં આવેલ તથા  આઈ.સી.નાણાં પેટે રૂા.૫૧,૧૯૬/– વસુલ લેવામાં આવેલ આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૨૧ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૨૨૮ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક  રૂા.૪.૦૧ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક  રૂા.૩.૫૮ લાખ થયેલ છે.,૦૮  ભહ તથા ૦૮  ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૯૫૭/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૧૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૧૩ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૧૧ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યા:૩૯૫ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યા:૧૦૭ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૭૦.૭૪૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યા:૨૬ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૨૨૦૦/–છેતથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૯૭૪૯  ઘર સર્વે કરવામાં આવેલ., કુલ:૧૯૭૬૭ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૫૩ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશન:૧૧૩૯  કરવામાં આવેલ છે. જયારે ૨૦ નોટીસ આપવામાં આવેલ  છે.

TOP

# પ્રેસ નોટ

તા. ૨૦-૦૪-૨૦૧૫ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે માન. મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે BRTS ફેઝ-૧ના બીજા કેનાલ કોરિડોર ૨૦ કી.મી. ના રૂટમાં બસ ઓપરેશન્સ શરૂ કરવામાં આવેલ. ૧૭ મે ૨૦૧૫ સુધી શહેરીજનો BRTS બસ સેવાથી માહિતગાર થાય તથા તેનો મહત્તમ લાભ લે એ હેતુસર BRTS બસની સેવા આ કોરિડોરમાં ફ્રી રાખવામા આવેલ છે. ઉદ્દઘાટનના બીજા દિવસે કુલ ૯,૫૬૬ પેસેંજરોએ BRTS બસ સેવાનો લાભ લીધેલ હતો, જેમાં ઉત્તરો ઉત્તર વધારો થતા તા. ૨૦-૦૪-૨૦૧૫ થી તા. ૧૭-૦૫-૨૦૧૫ ના રોજ સુધી કુલ ૩,૯૨,૬૯૮ પેસેન્જરોએ લાભ લીધેલ છે.

અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે તા. ૧૬-૦૫-૨૦૧૫ ના રોજ મહત્તમ ૧૮,૫૨૩ જેટલા પેસેંજરોએ BRTS બસ સેવાનો લાભ લીધેલ હતો. જેમાં ઉધના સચિન રૂટ ના કુલ ૬૪૧૨ પેસેન્જરો ઉમેરતા કુલ ૨૪,૯૩૫ જેટલા મહત્તમ પેસેન્જરો એ લાભ લીધેલ હતો. પીક અવર્સમાં ૧૨,૫૬૪ જેટલા પેસેન્જરોએ લાભ લીધેલ છે. આ પૈકી તેમાં ૧,૩૩૦ જેટલા બાળકોનો પણ સમાવેશ થાય છે.

વધુમાં, "વાય" જંકશન, અનુવ્રત દ્વાર, પનાસ ગામ, જમનાનગર, રૂપાલી જંકશન, પ્રજાપિતા બ્રહ્મા કુમારી માર્ગ જંકશન, યુનિક હોસ્પિટલ, ખરવર નગર ખાડી, સ્માર્ટ વિધાલય, પર્વત પાટિયા, વિશ્વકર્મા જંકશન, પુના ગામ જંકશન, વનમાળી જંકશન તથા સ્વામી નારાયણ જંકશન(સરથાણા) વિગેરે BRTS બસ સ્ટેન્ડ ખાતે થી ૪૦૦ થી પણ વધુ મુસાફરોએ મુસાફરી કરેલ છે. આમ, BRTS ફેઝ-૧ અંતર્ગતના પ્રથમ ઉધના-સચીન કોરિડોર કરતાં પણ બીજા કેનાલ કોરિડોરમાં BRTS બસ સુવિધા બાબતે શહેરીજનો તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળેલ છે.

કેનાલ કોરિડોર શરૂ થવાથી ઉધના-સચીન કોરિડોરને કનેક્ટિવિટી મળવાથી આ કોરિડોરમાં પણ ૪,૬૬૭ થી વધીને ૫,૪૨૫ જેટલા પેસેંજરો પ્રતિદિન થવા પામેલ છે.

BRTS ફેઝ-૧ ના કેનાલ કોરિડોર ઉપર રાખવામાં આવેલ ફ્રી મુસાફરીની સેવાનો શહેરીજનોએ ખૂબ જ સારો લાભ લીધો હોય સુરત મહાનગરપાલિકા શહેરીજનોનો આભાર વ્યક્ત કરે છે અને આવો જ પ્રતિસાદ કેનાલ કોરિડોર ઉપર કોમર્શિયલ બસ સેવામાં પણ મળી રહે એવી આશા વ્યક્ત કરે છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રકલ્પોનું ગુજરાત સરકારનાં માન.મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા ધ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું જે પૈકી લિંબાયત ઝોનના ગોડાદરા વિસ્તારમાં આવેલ ગોડાદરા વેજીટેબલ શાક માર્કેટનું પણ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું આ વિસ્તારના રસ્તા પર બેસીને શાકભાજીનું વેચાણ કરતા પાથરણા/ફેરીયાઓને નિયમ મુજબ અગાઉથી ડ્રો કરીને સ્ટ્રોલ ની ફાળવણી કરવામાં આવેલ હતી.જેનાથી સ્ટ્રોલ ના ધારકો ભાવ વિભોર થઈ ગયા હતા.જેનાથી આજુબાજુના વિસ્તારમાં રહીશો પણ ખુશ થઈ ગયા હતા.

TOP

## સાઉથઝોન(ઉધના)

_ સાઉથઝોન (ઉધના)માં એડી.સીટી. ઈજનેરશ્રી ની સૂચના અન્વયે, કાર્યપાલક ઈજનેરના માર્ગદર્શન હેઠળ નીચે મુજબ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

(૧) આજ રોજ સાઉથઝોન(ઉધના) વિસ્તારમાં આવેલ ડ્રા.ટી.પી. ૫૭ (પાંડેસરા) માં ફા.પ્લોટ નં. ૨૮ ને લાગુ ૨૪ મી. ના રોડને જોડતા ૭.૫૦ મી. નો ટી.પી. રોડ આવેલ છે. જેના પર કાચા પાકા ઝુપડા તથા કોલસીનું દબાણ હતું જે આજ રોજ તા.૧૯/૦૫/૨૦૧૫ ના રોજ પાંડેસરા પોલીસનો બંદોબસ્ત મેળવી સાઉથઝોન(ઉધના) ના શહેર વિકાસ અને દબાણ સ્ટાફની મદદથી ૭.૫૦ મી. ના રોડ ઉપરથી દબાણ દુર કરી ૩૫૫૦.૮૦ ચો.ફુટ રસ્તાનો કબજો મેળવી રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ દબાણ ખાતાના સ્ટાફ તથા પાંડેસરા પોલીસનો બંદોબસ્ત મેળવી અને સંકલનમાં રહી કરવામાં આવેલ છે.

TOP

**પ્રેસનોટ**
**નોર્થ ઝોન (કતારગામ)**
**સુરત મહાનગરપાલિકા**

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૮/૦૫/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૭૧ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૪૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૪ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૧૩૯ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૩૭૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૦ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૨૫૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૩૭ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૪,૨૧,૨૭૭/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૭૭ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૨ એન્ટ્રીમાં રૂા.૬૭,૧૭૦/– અને આર.સી.ની ૪૫ એન્ટ્રીમાં રૂા.૪,૮૩,૦૭૮/– મળી કુલ રૂા.૫,૫૦,૨૪૮/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૫ એન્ટ્રીમાં રૂા.૧૮૦/–, રીન્યુઅલની ૧૧ એન્ટ્રીમાં રૂા.૫૬૦/– અને દંડની રકમની ૦૯ એન્ટ્રીમાં રૂા.૧,૫૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૨ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી તેમજ નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૩,૧૦૦/– ચાર્જ વસુલ લીધેલ.

ઈમ્પેકટ ફી પેટે ૧૯ ફાઈલોના રૂા.૫,૧૯,૩૫૮/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૧,૮૯,૮૨૨/–, મિલ્કત ભાડાના રૂા.૯૭૨/– તેમજ દબાણ ચાર્જના રૂા.૪,૦૮૦/– મળી કુલ રૂા.૧,૯૪,૮૭૪/– ની વસુલાત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ
## સાઉથઝોન(ઉધના)
## સુરત મહાનગરપાલિકા

તા.૧૯.૦૫.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૫૬ ફાઈલના રૂા.૯.૯૨ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૯ લોકેશન(ખાડા)૪૩૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૨૭.૭૮૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. કુલ–૦૮ લોકેશન(ખાડા) ૨૪૫.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૭ લોકેશન ૨૦૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા  ટી.પી.૫૭(પાંડેસરા)૭.૫ મી. રસ્તાને નડતરરૂપ કાચા ઝુપડા/કોલીસી ૩૫૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં દૂર કરવામાં આવેલ  તથા  આઈ.સી.નાણાં પેટે રૂા.૨,૫૯,૭૪૭/– વસુલ લેવામાં આવેલ આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૧૦ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૯૨ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૧૬.૩૮ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક  રૂા.૨.૯૦ લાખ થયેલ છે.,૧૨  ભ્મહ તથા ૧૩  ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૨૧૦/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૧૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૧૫ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૯ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૩૯૧ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૭ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૯૧.૩૮૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૨૫ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૨૨૦૦/–છેતથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૦૫૫૫  ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૨૩૦૯૯ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૪૮  છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ૧૨૮૩  કરવામાં આવેલ છે. જયારે ૩૦ નોટીસ આપવામાં આવેલ  છે.

TOP

## પ્રેસનોટ

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તારમાં વોર્ડ નં.૧૧, નોંધ નં.૨૪૫૭ થી ૨૪૫૯ સોદાગરવાડ, સુરત ખાતે આવેલ મિલ્કતમાં અત્રેથી તા.૧૬/૦૯/૧૪ના રોજ વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. સદર મિલ્કતના હિત ધરાવનારાઓ ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ ચોથા માળે આશરે ૪૪૦ ચો.ફૂટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ શટરીંગ તથા આશરે ૩૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી સ્લેબ સહિતનું બાંધકામ તા.૧૯/૦૫/૧૫ ના રોજ તોડી દૂર કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત મહાનગરપાલિકા દ્વારા તા.૦૧/૦૫/૨૦૧૫ થી ૧૫/૦૫/૨૦૧૫ દરમ્યાન વિવિધ સફાઈ–સ્વચ્છતા સંબંધિત કામગીરીઓ કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૧૩/૦૫/૨૦૧૫નાં રોજ શહેરના તમામ ઝોન વિસ્તારોના મુખ્યમાર્ગો / આંતરિક માર્ગો ઉપર રખડતા ઢોરના ત્રાસ નિવારણ અને લારી–ગલ્લાની યોગ્ય વ્યવસ્થા કરવાની કામગીરી કરાવવામાં આવેલ છે.

આ અભિયાન દરમ્યાન શહેર તમામ ઝોન વિસ્તારમાં કુલ – ૨૧ સ્થળોએ રખડતા ઢોરના ત્રાસ નિવારણ અને ૮૫ સ્થળોએથી લારી–ગલ્લાની યોગ્ય વ્યવસ્થા કરવાની કામગીરી કરાવવામાં આવેલ છે, આ અભિયાન દરમ્યાન કુલ ૨૨ મશીનરીનો ઉપયોગ કરી, ૪૯.૯૮૦ મે.ટન મ્યુ.સોલીડ વેસ્ટનો નિકાલ કરાવવામાં આવ્યો. આ અભિયાનમાં કુલ–૩૦૦ કર્મચારીઓ તથા ૧૩ સ્વૈચ્છિક સંસ્થાઓ / જાહેર જનતાએ ભાગ લીધેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત મહાનગરપાલિકા દ્વારા તા.૦૧/૦૫/૨૦૧૫ થી ૧૫/૦૫/૨૦૧૫ દરમ્યાન વિવિધ સફાઈ–સ્વચ્છતા સંબંધિત કામગીરીઓ કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૧૪/૦૫/૨૦૧૫નાં રોજ શહેરના તમામ ઝોન વિસ્તારોમાં લીકેજ શોધી તેના રીપેરીંગ કરવાની, જાહેરમાં છોડાતું ગંદુ પાણી અટકાવવાની, ખુલ્લા નળ ધ્વારા થતા પાણીના બગાડને અટકાવવાની તથા ખુલ્લામાં વેચાતા બિનઆરોગ્યપ્રદ ખોરાકનો નાશ કરવાની કામગીરી કરાવવામાં આવેલ છે.

આ અભિયાન દરમ્યાન શહેર તમામ ઝોન વિસ્તારમાં કુલ – ૨૩ લીકેજ શોધી રીપેર કરવવામાં આવ્યા તેમજ ખુલ્લામાં વેચાતા ૨૧૦.૫૦૦ કિ.ગ્રા. બિનઅરોગ્યપ્રદ ખોરાકનો જથ્થો નાશ કરાવી કુલ રૂા.૧૩,૪૫૦/– વહીવટીખર્ચ વસુલ કરવામાં આવ્યો. આ અભિયાન દરમ્યાન કુલ ૧૨ મશીનરીનો ઉપયોગ કરી, ૩૦.૬૬૦ મે.ટન મ્યુ.સોલીડ વેસ્ટનો નિકાલ કરાવવામાં આવ્યો. આ અભિયાનમાં કુલ–૩૭૦ કર્મચારીઓ તથા ૦૩ સ્વૈચ્છિક સંસ્થાઓ / જાહેર જનતાએ ભાગ લીધેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત મહાનગરપાલિકા દ્વારા તા.૦૧/૦૫/૨૦૧૫ થી ૧૫/૦૫/૨૦૧૫ દરમ્યાન વિવિધ સફાઈ–સ્વચ્છતા સંબંધિત કામગીરીઓ કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૧૫/૦૫/૨૦૧૫નાં રોજ શહેરને હરિયાળું બનાવવા અને પર્યાવરણની જાળવણી માટેના કાર્યક્રમો જેવા કે વુક્ષો ઉછેરવા, વુક્ષોને રક્ષણ આપવું, વુક્ષોને સુંદર લાગે તે રીતે વ્યવસ્થિત કરવા, ગેરુ – ચુનો વગેરે લગાવવાની કરાવવામાં આવેલ છે.

આ અભિયાન દરમ્યાન શહેર તમામ ઝોન તેમજ ગાર્ડન વિભાગ મળી, કામગીરી કરાવવામાં આવેલ છે જેમાં વરાછા ઝોનમાં ૧૭ સ્થળે રોપા રોપવામાં આવેલ છે, ૮૬ વૃક્ષોના ટ્રી ગાર્ડ કરી રક્ષિત કરેલ છે.ગાર્ડન વિભાગ દ્વારા વિવિધ સ્થળે કુલ૭૦ વૃક્ષોને ચુનો ગેરુ કરવામાં આવેલ છે તેમજ ૪૦ વૃક્ષોના ટ્રી ગાર્ડ કરી રક્ષિત કરેલ છે.

આ અભિયાન દરમ્યાન કુલ ૦૯ મશીનરીનો ઉપયોગ કરી, ૮.૦૦૦ મે.ટન મ્યુ.સોલીડ વેસ્ટનો નિકાલ કરાવવામાં આવ્યો. આ અભિયાનમાં કુલ–૧૬૪ કર્મચારીઓએ ભાગ લીધેલ છે.

TOP

## પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા આયોજિત, " સુરત સુધરાઈ" સ્થાપના દિન (૧૫ મે)ની ઉજવણી નિમિતે સાયન્સ સેન્ટર સ્થિત આર્ટ ગેલેરીમાં તા.૧૫ /૦૫/૨૦૧૫ ના રોજ સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ધ્વારા પ્રતિ માસ પ્રકાશિત થનાર **" સાયન્સ સેન્ટર ન્યુઝ લેટર"** ના પ્રથમ અંકનું વિમોચન મા.મેયરશ્રીના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ વિમોચન વિધિમાં મા.સાંસદશ્રી દર્શનાબેન જરદોશ, ડે.મેયરશ્રી, મ્યુનિસિપલ કમિશ્નરશ્રી વિવિધ સમિતિઓના ચેર પર્સનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ,મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ તથા બહોળી સંખ્યામાં નગરજનોએ હાજર રહી પ્રસંગની શોભામાં અભિવૃધ્ધી કરી હતી.

સુરત શહેરના વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા નગરજનો વિજ્ઞાન વિષયમાં રસ કેળવે તેમજ વૈજ્ઞાનિક અભિગમ કેળવે અને વિજ્ઞાનની અદ્યતન માહિતીથી સજજ થાય તે હેતુસર સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ધ્વારા પ્રતિમાસ ન્યુઝ લેટર પ્રકાશિત કરવામાં આવનાર છે. સદર ન્યુઝ લેટરમાં વિજ્ઞાનમાં નવીન ખોજ, આ માસના વૈજ્ઞાનિક, સાયન્સ ફેકટસ, વૈજ્ઞાનિક પ્રશ્ન, વૈજ્ઞાનિક કિવઝ, ફન સાયન્સ ગેલેરીના એકઝીબીટને ઓળખો, વિગેરે વિષયોને આવરી લેવામાં આવ્યા છે. આ ન્યુઝ લેટરમાં શહેરની વિવિધ સ્કુલોના સંયોજન થકી પ્રતિમાસ અંકોનું પ્રકાશન કરવાનું આયોજન છે, જેમાં આ માહિતી એકત્રીત કરવા માટે પ્રતિમાસ સુરત શહેરની કોઈ પણ એક શાળાને સહભાગી બનાવી તે શાળાના શિક્ષકો તથા તેમના માર્ગદર્શન હેઠળના વિદ્યાર્થીઓ પાસેથી વિગતો મેળવવામાં આવશે અને તેને ચકાસી ન્યુઝ તૈયાર કરવામાં આજશે.

આ **" સાયન્સ સેન્ટર ન્યુઝ લેટર"** નું વિતરણ સુરત શહેરની નગર પ્રાથમિક સમિતિની શાળાઓ, ખાનગી શાળાઓ, સાયન્સ કોલેજો, પુસ્તકાલયો તથા રીડીંગ રૂમમાં કરવામાં આવનાર છે,સદર ન્યુઝ લેટર ગુજરાતી તથા અંગ્રેજી ભાષામાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. વધુમાં આ ન્યુઝ લેટર સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ પર પણ ઉપલબ્ધ છે, જે વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે.

સુરત મહાનગરપાલિકાની આ મૌલિક અને ભવિષ્યના નાગરિક એવા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તે માટે કરવામાં આવેલી આ પહેલનો સુરતની શાળાઓ, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓને બહોળા પ્રમાણમાં લાભ લેવા વિનંતી.

TOP

## પ્રેસનોટ


સુરત મહાનગરપાલિકાઈન્ફર્મેશન ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ નાગરિકોને ઝડપી તથા સરળતાથી સેવાઓઉપલબ્ધકરવા માટે કટીબદ્ધ છે અનેતેઅંતર્ગતવખતો-વખત વિવિધઈનીશીએટીવ લેવામાં આવેલ છે.ઈ-ગવર્નન્સ અંતર્ગત સીટી સિવિક સેન્ટર, વેક્સીનેશનએલર્ટસીસ્ટમ, SMS મારફત ઈન્ફોર્મેશન, સિંગલ નંબર હેલ્પલાઈન, વિગેરેની સાથે-સાથે નાગરિકો ઘર બેઠા પોતાના અનુકળ સમયે વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરી શકે તે અનુલક્ષીનેસુરતમહાનગરપાલિકા દ્વારા વર્ચ્યુઅલસિવિક સેન્ટરઅનેમોબાઈલએપપણશરુ કરવામાં આવેલ છે. આ ઉપરાંત નાગરિકો સાથે સોશિયલમીડિયા થકી સંપર્ક સ્થાપીસીટીઝનએન્ગેજમેન્ટ થઈ શકે તે હેતુથી સુરત મહાનગરપાલિકા દ્વારા મહાનગરપાલિકાને લગતી ફરિયાદ WhatsApp મારફત ફોટોગ્રાફ્સસહીત નોંધણી થઇ શકે તે મુજબની વ્યસ્થા "સુમન સંવાદ" શરુ કરવામાં આવેલ છે.શહેરનાસ્કીલ/અનસ્કીલશ્રમિકોને રોજગારી મળી રહે તે હેતુથી સર્વિસ પ્રોવાઈડર અને સર્વિસ સીકર વચ્ચે સેતુ રૂપ સફલ (સુરત એક્શન ફોર ઓગમેન્ટીગલાઈવલીહુડ) મોબાઈલએપ્લીકેશનબનાવવમાં આવી છે.

ડીજીટલ ઈન્ડિયા –ડીજીટલ સુરત અંતર્ગતસુરતશહેરમાં આવેલ વિવિધ જાહેર સ્થળોએ તબ્બકાવારવાઈ-ફાઈ સુવિધા ઉપલબ્ધ કરવાનું આયોજન સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ. તા. ૨૦.૦૪.૨૦૧૫ ના રોજ માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા સુરત વાઈ-ફાઈ સેવા લોન્ચ કરવામાં આવેલ, જે અંતર્ગત સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, તમામ ઝોન ઓફિસ, સાયન્સ સેન્ટર, નર્મદ લાઈબ્રેરી, સરથાણાનેચર પાર્ક, સ્મીમેર કોલેજ અને એક્વેરિયમ, વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી,ઉપરાંત જીલ્લા સેવાસદન-૨ અને જીલ્લા પંચાયત કચેરી મળીકૂલ ૧૬ સ્થળોએરિલાયન્સજીઓનાસહયોગથી પબ્લિક વાઈ-ફાઈ સેવા હેઠળ સાંકળી લેવામાં આવેલ. સુરત વાઈ-ફાઈ સેવાને લોકોનો ખુબજ સારો પ્રતિસાદ મળ્યો છે.સેવા શરુ થયાના ૨૧ દિવસમાં ૭૦,૦૦૦ જેટલા લોકોએ આ સેવા હેઠળ રજિસ્ટરકરાવીને ૩.૫ લાખથી વધુ વાર લોગઈન કરીને સુરત વાઈ-ફાઈ સેવાનો લાભ લીધેલ છે. આ સમય ગાળા દરમ્યાન ૮૦૦૦ GBથી વધુનો ડેટા ઉપયોગ પણકર્યો છે.

સુરત વાઈ-ફાઈસેવાની સ્વીકૃતિને ધ્યાને લઈને આગામી સમયમાં સુરત વાઈ-ફાઈ સેવાનો વ્યાપ વધારવા તથા વધુને વધુ લોકોને તેનો લાભ લઇ શકે તે હેતુથી આગામી દિવસોમાં સુરત મહાનગરપાલિકા, રિલાયન્સજીઓનાસહયોગથીબીજાતબક્કામાંવધુસ્થળોનેઆવરી લેવા આયોજન કરી રહી છે. જેઅંતર્ગતમસ્કતીધર્માર્થ હોસ્પિટલ, વિવિધલક્ષીવાંચનાલય, તાપીરીવરફ્રન્ટ,રીવરવોક-વે,ગોપી તળાવ,હેરીટેજ સ્ક્વેર તથાશહેરના વિવિધઉદ્યાનોજેવાકેજવાહરલાલનેહરુ(ચોપાટી) ઉદ્યાન,લેક-વ્યુ ગાર્ડન,જ્યોતીન્દ્રદવે ગાર્ડન, ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીલેક ગાર્ડન,મહારાણા પ્રતાપ ઉદ્યાન,ભેસ્તાનNFI ગાર્ડન, ગાંધી બાગ, વિગેરેનેઆવરીલેવાનું આયોજન છે અનેઆ તમામ સ્થળોએ તબ્બકાવારવાઈ-ફાઈહોટસ્પોટક્રિએટ કરીને સુરત વાઈ-ફાઈસુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે.

TOP

| Surat WiFi Usage Statistics<br>From 21st April 2015 to 11th May 2015 | | | | |
|---|---|---|---|---|
| **Sr. No.** | **Location Name** | **Total Data consumed (GB)** | **New Users** | **Total login session** |
| 1 | SMC Muglisara HQ Office | 1160 | 9725 | 70212 |
| 2 | SMC Central Zone Office (Muglisara) | 546 | 4472 | 24317 |
| 3 | SMC West Zone Office (Rander) | 372 | 3556 | 21220 |
| 4 | SMC North Zone Office (Katargam) | 1215 | 5901 | 28631 |
| 5 | SMC South East Zone Office (Limbayat) | 359 | 2723 | 12058 |
| 6 | SMC South West Zone Office (Athwa) | 385 | 3848 | 21493 |
| 7 | SMC East Zone Office (Varachha) | 1261 | 6001 | 33195 |
| 8 | SMC South Zone Office (Udhna) | 493 | 4028 | 21793 |
| 9 | Science Centre | 354 | 6293 | 20442 |
| 10 | KaviNarmad Central Library | 417 | 3566 | 12591 |
| 11 | District Collecter Office | 42 | 1611 | 6223 |
| 12 | District Panchayat Office | 74 | 1245 | 5481 |
| 13 | SMIMER | 1058 | 9563 | 55148 |
| 14 | Aquarium | 355 | 4612 | 14755 |
| 15 | Sarthana Nature Park Zoo | 108 | 2108 | 4800 |
| | **Total from 21st April to 11th May** | **8199** | **69252** | **352359** |
| | **Average Per Day** | **390** | **3298** | **16779** |




TOP

## પ્રેસનોટ
## પૂર્વ ઝોન (વરાછા)
## સુરત મહાનગરપાલિકા

માનનીય કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના આદેશ તથા ડે.કમિશ્નરશ્રી હેલ્થ એન્ડ હોસ્પિ.ની સૂચના મુજબ નાયબ આરોગ્ય અધિકારી પૂર્વઝોન તથા પૂણા સીમાડાના માર્ગદર્શન હેઠળ તા.૨૦/૦૫/૨૦૧૫ ના રોજ પૂર્વ(વરાછા)ઝોનના વિવિધ વોર્ડ ઓફીસને લાગત વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટીક બેગનો વપરાશ/ઉપયોગ/વેચાણ કરતા કુલ ૩૫૨ (ત્રણસો બાવન) ઈસમો /સંસ્થા સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી ૭૭ (સીત્તોતેર)કિલોગ્રામ પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી કુલ રૂા.૪૫,૬૦૦/–(અંકે રૂપિયા પીસ્તાલીસ હજાર છસો પૂરા)વહીવટી ખર્ચ પેટે વસુલ કરવામાં આવેલ છે.સદર કામગીરીમાં સેનિટેશન વિભાગના સુપરવાઈઝરી સ્ટાફ દ્વારા શાકભાજી/ફળોનુ વેચાણ કરતી માર્કેટો તથા પાન માવાનુ વચાણ કરતી સંસ્થાઓને આવરી લેવામાં આવેલ છે. આ ઉપરાંત જાહેર જનતાને પ્રતિબંધિત પ્લાસ્ટીકનો ઉપયોગ ન કરવા આરોગ્ય શિક્ષણ પણ આપવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ
## સાઉથઝોન(ઉધના)
## સુરત મહાનગરપાલિકા

તા.૨૦.૦૫.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૨૬ ફાઈલના રૂા.૭.૩૭ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૫ લોકેશન(ખાડા)૩૦૫.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૧૭.૬૨૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. કુલ–૦૬ લોકેશન(ખાડા) ૨૭૫.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૯ લોકેશન ૩૦૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા ટી.પી.૨ ,ફા. પ્લોટ નં. ૨, અમૃતનગર સોસયટીના રસ્તાને નડતરરૂપ ઓટલા ૧૦૦ ૨.મી. માપ વિસ્તારમાં દૂર કરવામાં આવેલ તથા આઈ.સી.નાણાં પેટે રૂા.૪૯૪/– વસુલ લેવામાં આવેલ તથા પાણીના નવા કનેકશન કુલ :૧૫ આપવામાં આવેલ આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૧૦ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૯૮ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૮.૮૮ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૩.૧૭ લાખ થયેલ છે.,૦૬ ભહ તથા ૧૩ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૦૮૫/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૧૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૩૧ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૯ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યા:૩૯૫ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યા:૧૦૫ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૭૯.૪૯૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યા:૩૧ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૧૦૦૦/–છેતથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૧૨૬૩ ઘર સર્વે કરવામાં આવેલ., કુલ:૨૨૭૮૬ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યા: ૪૬ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશન:૧૩૦૩ કરવામાં આવેલ છે. જયારે ૨૦ નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૪૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ
## નોર્થ ઝોન (કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૯/૦૫/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૯૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૫૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૩૬ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૦૦૫ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૯૮ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૩ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૬૩ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૧,૩૫,૫૪૭/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૨૪ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૨ એન્ટ્રીમાં રૂા.૨૪,૨૩૦/– અને આર.સી.ની ૧૨ એન્ટ્રીમાં રૂા.૭૫,૪૯૭/– મળી કુલ રૂા.૯૯,૭૨૭/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૫ એન્ટ્રીમાં રૂા.૧૦૦/–, રીન્યુઅલની ૦૯ એન્ટ્રીમાં રૂા.૫૪૦/– અને દંડની રકમની ૦૮ એન્ટ્રીમાં રૂા.૯૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૪ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૬ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૩૧ ફાઈલોના રૂા.૭,૧૯,૭૦૧/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૧,૮૩,૪૯૪/–, મિલ્કત ભાડાના રૂા.૭૭૪/–, મંડપ ચાર્જના રૂા.૪૯૦/– તેમજ દબાણ ચાર્જના રૂા.૪,૯૨૦/– મળી કુલ રૂા.૧,૮૯,૬૭૮/– ની વસુલાત કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા

## જાહેર આરોગ્ય વિભાગ

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ  ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા તા.૧૧/૦૫/૨૦૧૫ થી તા.૧૭/૦૫/૨૦૧૫ દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬)  કચરો અલગ કરી, કોથળા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોથળા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ સેન્ટ્રલઝોન – રૂા.૯,૬૬૦/–,  વેસ્ટઝોન – રૂા.૮,૧૮૦/–, સાઉથઝોન – રૂા.૯,૮૪૦/–, સાઉથઈસ્ટઝોન – રૂા.૪૧,૫૫૦/–, સાઉથવેસ્ટઝોન – રૂા.૬,૧૦૦, નોર્થઝોન – રૂા.૨,૭૦૦/– અને ઈસ્ટઝોન – રૂા.૧૦,૮૦૦/– મળી  તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ પાસેથી કુલ રૂા.૮૮,૮૩૦/– પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

TOP

**પ્રેસનોટ**

**નોર્થ ઝોન (કતારગામ)**

**સુરત મહાનગરપાલિકા**

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૦/૦૫/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૪૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૫૦ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૭૬૫ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૬૯ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૭ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૧૩ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૬,૬૮,૭૨૫/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૨૫ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૦૯ એન્ટ્રીમાં રૂા.૨૩,૧૭૦/– અને આર.સી.ની ૧૬ એન્ટ્રીમાં રૂા.૮૭,૧૮૯/– મળી કુલ રૂા.૧,૧૦,૩૫૯/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૬ એન્ટ્રીમાં રૂા.૨૦૦/–, રીન્યુઅલની ૦૮ એન્ટ્રીમાં રૂા.૩૮૦/– અને દંડની રકમની ૦૫ એન્ટ્રીમાં રૂા.૯૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૦૪ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૧૫ ફાઈલોના રૂા.૧,૫૭,૬૬૪/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૧,૮૫,૫૧૦/–, મંડપ ચાર્જના રૂા.૫૦૬/– તેમજ દબાણ ચાર્જના રૂા.૯,૩૩૦/– મળી કુલ રૂા.૧,૯૫,૩૪૬/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૩ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

:: પ્રેસનોટ ::

## ''૫મી જુન વિશ્વ પર્યાવરણ દિન'' ઉજવણી અંતર્ગત નિબંધ, ચિત્રકામ અને રંગપૂરણી સ્પર્ધા

૫મી જુન ''વિશ્વ પર્યાવરણ દિન'' ની ઉજવણી નિમિત્તે ''એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ'' પ્રેરીત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત 'નિબંધ સ્પર્ધા, ચિત્રકામ સ્પર્ધા અને રંગપૂરણી સ્પર્ધા સ્પર્ધાનું આયોજન તા.૦૫/૦૬/૨૦૧૫ના રોજ તયાબહ સેમીનાર હોલ, સાર્વજનિક કોલેજ ઓફ એન્જી. એન્ડ ટેકનોલોજી, ડો.આર.કે.દેસાઈ માર્ગ, મિશન હોસ્પીટલની સામે, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવેલ છે. તા.૦૫/૦૬/૨૦૧૫ને શુક્રવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ધો. ૮ થી ૧૨ની નિબંધ સ્પર્ધા, બપોરે ૧.૦૦ કલાકે ધો. ૫ થી ૮ની ચિત્રકામ સ્પર્ધા અને બપોરે ૩.૦૦ કલાકે યોજાનાર ધો. ૧ થી ૪ની રંગપૂરણી સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશપત્રો સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત ખાતેથી મેળવી ભરેલા પ્રવેશપત્રો તા.૦૩/૦૬/૨૦૧૫ના રોજ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પરથી પણ મળી શકશે.

TOP

## પ્રેસનોટ
## સાઉથઝોન(ઉધના)
## સુરત મહાનગરપાલિકા

તા.૨૧.૦૫.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૩૧ ફાઈલના રૂા.૯.૭૬ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૭ લોકેશન(ખાડા)૨૯૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૧૭.૪૭૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. કુલ–૦૮ લોકેશન(ખાડા) ૩૪૦.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૧૦ લોકેશન ૩૩૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા આઈ.સી.નાણાં પેટે રૂા.૧૭,૭૫૬/– વસુલ લેવામાં આવેલ તથા પાણીના નવા કનેકશન કુલ :૧૭ આપવામાં આવેલ આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૦૯ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૯૯ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૮.૦૬ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૧.૬૨ લાખ થયેલ છે.,૦૭ ભહ તથા ૧૫ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૪૯૯/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૩૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૨૧ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૮ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૩૯૫ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૮ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૭૯.૯૩૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૨ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૯૦૦/– છેતથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૦૩૯૨ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૨૧૮૮૦ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૫૦ છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ૧૨૦૯ કરવામાં આવેલ છે. જયારે ૨૪ નોટીસ આપવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં સમાવિષ્ટ મંજુર ડ્રા.ટી.પી.સ્કીમ નં.૩૯(ઉધના–લિંબાયત) ના ફા.પ્લોટ નં.૨૧/એ માં આવેલ મહાપ્રભુનગર સોસાયટીના પ્લોટ નં. ૧૧૯ માં આવેલ મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી વિના મિલ્કતદારોએ એપાર્ટમેન્ટ બાંધવાના ઈરાદે ગ્રાઉન્ડ ત્ર ત્રણ માળની મિલ્કતનું બાંધકામ અત્રેની ઝોન કચેરીના ટેકનીકલ સ્ટાફ દ્વારા વારંવાર અટકાવવા છતાં મિલ્કતદારોએ ચાલુ રાખ્યુ હતું. આજરોજ તા.૨૧/૦૫/૧૫ ના દિવસે સદર બાંધકામને લિંબાયત ઝોનના ટેકનીકલ સ્ટાફ, દબાણ સ્ટાફ તથા ખાનગી કોન્ટ્રાકટરના ૩૦ માણસો દ્વારા અંદાજે ૧૦૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ તથા ૮૦૦ ચો.ફુટ જેટલુ ચણતરકામ સ્થળ પરથી દુર કરવામાં આવેલ હતું.સદર મિલ્કતદારો પાસેથી કુલ રૂા. ૨૫,૦૦૦/– વહીવટી ચાર્જ તરીકે વસુલ લેવામાં આવેલ છે.

TOP